નેશનલ ફુડ સિકયુરીટી મીશન યોજના (NFSM- Normal) ને વર્ષ ૨૦૧૯-૨૦ ની વહીવટી મંજુરી આપવા બાબત (૬૦:૪૦ % CSS)

ગુજરાત સરકાર
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
ઠરાવ ક્રમાંક: નફસ/૧૦૨૦૧૮/૪૪૩૪/ક.૭
તા.૧૬/૦૪/૨૦૧૯

વંચાણે લીધા :

૧. ભારત સરકારશ્રીની NFSM યોજનાની વર્ષ ૨૦૧૮-૧૯ અને ૨૦૧૯-૨૦ ની ઓપરેશનલ ગાઇડલાઇન

૨. ભારત સરકારશ્રીની NFSM યોજના (૧૨મી પંચવર્ષિય યોજના) ની વહીવટી મંજુરી પત્ર નં ૨૦-૧/૨૦૧૨-એનએફએસએમ(સીએ- ૫) તા. ૩૦.૦૪.૨૦૧૪

૩ ભારત સરકારશ્રીનો તા:૧૦/૦૯/૨૦૧૮ નો પત્રાંક. No. 3-6/2018-NFSM

૪. ભારત સરકારશ્રીનો તા:૨૬/૧૧/૨૦૧૮ નો પત્રાંક. No. 9-8/2018-CU-IV

૫. કૃષિ અને સહકાર વિભાગનો તા.૧૭/૦૪/૨૦૧૮ નો ઠરાવ ક્રમાંક: નફસ/૧૦૨૦૧૭/૨૦૭૯/ક-૭

૬. ખેતી નિયામક કચેરીનો પત્રનં ક્રા.નં. પાક/NFSM/વહીવટી મંજૂરી/General/૨૯૯૦-૯૧/૨૦૧૯ તા. ૩૦/૦૩/૨૦૧૯

પ્રસ્તાવના :

રાજ્યમાં નેશનલ ફુડ સિકયુરીટી મિશન (NFSM) યોજના (૧૧મી પંચવર્ષિય યોજના) નુ અમલીકરણ અગાઉની ગાઇડલાઇન મુજબ વર્ષ ૨૦૧૩-૧૪ સુધી કરવામાં આવેલ છે. ભારત સરકારશ્રી દ્વારા નેશનલ ફુડ સિકયુરીટી મિશન (NFSM) અંતર્ગત ૧૨મી પંચવર્ષિય યોજનાની ઓપરેશનલ ગાઇડલાઇન સંદર્ભ- ૧ મુજબ બહાર પાડવામાં આવેલ છે. જે મુજબ NFSM યોજના અંતર્ગત NFSM-Rice, NFSM-Wheat, NFSM-Pulses, NFSM-Coarse Cereals, NFSM-Nutri Cereals અને NFSM-Commercial Crops નો સમાવેશ કરવામાં આવેલ છે. તેમજ ભારત સરકારશ્રીનાં સંદર્ભપત્ર-૩ થી સદરહુ યોજના હેઠળ "Additional Area Coverage for Increasing Pulses Production during Rabi/Summer" યોજનાઓનો સમાવેશ કરવામાં આવેલ છે તથા સંદર્ભ-૪ થી ભારત સરકારશ્રી દ્વારા વર્ષ: ૨૦૧૮-૧૯ અને ૨૦૧૯-૨૦ માટે "New Sub scheme of NFSM on promotion of intercropping of pulses with sugarcane" યોજનાનો સમાવેશ કરવામાં આવેલ છે. ઉક્ત વંચાણે લીધેલ સરકારશ્રીના સંદર્ભ-૫ હેઠળના ઠરાવથી નેશનલ ફુડ સિકયુરીટી મિશન (NFSM) યોજનાને વર્ષ ૨૦૧૮-૧૯માં અમલીકરણ માટે ચાલુ રાખવાનું ઠરાવવામાં આવેલ છે. વર્ષ ૨૦૧૯-૨૦ ના અંદાજપત્રમાં રાજ્ય સરકારના હિસ્સાના ૪૦ % લેખે રૂ. ૧૧૧૨.૦૦ લાખ અને કેન્દ્ર સરકારના હિસ્સાના ૬૦ % લેખે રૂ. ૧૬૬૮.૦૦ લાખ એમ કુલ રૂ. ૨૭૮૦.૦૦ લાખની જોગવાઇ થયેલ છે. જેની વહીવટી મંજુરી આપવા માટેની ઉકત વંચાણે લીધેલ ક્રમાંક-૬ સામેની ખેતી નિયામકશ્રીની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ :

સરકારશ્રી દ્વારા કાળજીપુર્વકની વિચારણાને અંતે નેશનલ ફુડ સિકયુરીટી મિશન (NFSM-Normal) યોજનાને વર્ષ ૨૦૧૯-૨૦ માં ચાલુ રાખવાની તથા વર્ષ ૨૦૧૯-૨૦ અંદાજપત્રમાં થયેલ રાજ્ય સરકારના હિસ્સાના ૪૦ % લેખે રૂ. ૧૧૧૨.૦૦ લાખ અને કેન્દ્ર સરકારના હિસ્સાના ૬૦ % લેખે રૂ. ૧૬૬૮.૦૦ લાખ એમ કુલ રૂ. ૨૭૮૦.૦૦ લાખની બજેટ જોગવાઇનો ખર્ચ કરવાની વહીવટી મંજુરી આપવામાં આવે છે. નેશનલ ફુડ સિકયુરીટી મિશન (NFSM) યોજનાની માર્ગદર્શિકા મુજબ નીચેની શરતોને આધીન યોજનાનુ અમલીકરણ કરવાનું ઠરાવવામાં આવે છે.

શરતો :

1. સને ૨૦૧૯-૨૦ના વર્ષની બજેટ જોગવાઈને આધિન રહીને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.
2. જે હેતુ માટે બજેટ જોગવાઈ કરવામાં આવી છે તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.
3. આ અંગેનું ખર્ચ સરકારશ્રી દ્વારા વખતો વખત નક્કી કરવામાં આવેલ જોગવાઈઓ અને લાગુ પડતા ધારા ધોરણને અધિન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.
4. યોજનાઓની નિયત થયેલ શરતોનું ચુસ્ત પણે પાલન કરવાનું રહેશે.
5. પ્રસ્તુત કામે ટેન્ડર પ્રોસેસીંગ બાબતમાં ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવક્ર.એસપીઓ-૧૦૨૦૦૫-૧૪૦૭-ચ, તા.૨૨/૧૧/૨૦૦૬ અન્વયે "ઈ" ટેન્ડરીંગ બાબતમાં કરવામાં આવેલ જોગવાઈઓ સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
6. આ મંજૂરી અન્વયે જો કોઈ પણ વસ્તુની ખરીદી કરવાની હોય તો તે સરકારશ્રીના પ્રવર્તમાન ધારાધોરણો અને નિયમોનુસાર કરવાની રહેશે
7. વર્ષના અંતે જો કોઈ બચત રહે તો તે પરત કરવાની રહેશે.
8. આ યોજના હેઠળ હંગામી જગ્યાઓ ચાલુ રાખવાની મંજુરી મેળવવાની થતી હોય તો તે માટે અલગથી દરખાસ્ત કરવાની રહેશે.
9. આ અંગેનો ખર્ચ તા.૧-૪-૨૦૧૯ થી કરવાનો રહેશે.
10. આ યોજના હેઠળનો ખર્ચ ફક્ત સામાન્ય (જનરલ) જાતિના ખેડૂતો માટે કરવાનો રહેશે.
11. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.
12. કેન્દ્ર સરકારને યુ.ટી.સી. સમયસર મોકલવામાં આવે તે જોવાનુ રહેશે.
13. આ યોજના અન્વયે ભારત સરકારશ્રી એ મંજુર કરેલ પ્રોજેક્ટોમાં જ ખર્ચ કરવાનો રહેશે.
14. કેન્દ્ર પુરસ્કૃત યોજના માટે કેન્દ્ર સરકારશ્રીની જરૂરી મંજુરી મેળવવાની રહેશે તેમજ સરકારશ્રીની ગ્રાન્ટ રાજયની મોકલેલ નિધીમાં જમા થયા બાદ તેની છુટી થયેલી ગ્રાન્ટની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.
15. આ યોજના માટે સામાન્ય શરતો અને બોલીઓ તથા વિવિધ ઘટકોની અમલીકરણ પધ્ધતિ/સહાયના ધોરણો આ સાથે સામેલ પરીશિષ્ટ ૧ થી ૬ મુજબ રહેશે.
16. આ યોજના અને તેના મંજુર થયેલ તમામ ઘટકો માટેના અમલીકરણ અને નિયંત્રક અધિકારી ખેતી નિયામકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર રહેશે તથા સહાયની ગ્રાન્ટ સંબંધિત અમલીકરણ અધિકારી/સંસ્થા/નોડલ એજન્સી ગુજરાત રાજય બીજ નિગમ લી. ના હવાલે

મુકવા/ફાળવવા આથી ખેતી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને અધિકૃત કરવામાં આવે છે.

17. આ યોજના હેઠળ ગ્રાન્ટ વપરાશના પ્રમાણપત્રો (UTC) ખેતી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર એ મેળવવાના રહશે.
18. આ યોજનામાં સમાવિષ્ટ ન હોય તેવા ઘટક માટેનો ખર્ચ સહાયને પાત્ર ઠરશે નહી.
19. વર્ષ ૨૦૧૯-૨૦ ના અંદાજપત્ર અન્વયે વિધાનસભામાં મંજૂર થયેલ લેખાનુદાન જોગવાઈ અને તેને અનુલક્ષીને નાણાં વિભાગ દ્વારા ફાળવણી થનાર ગ્રાંટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.
20. યોજના અંગેનો ખર્ચ નીચેના બજેટ હેડે પાડવાનો રહેશે.

| | |
|---|---|
| માંગણી ક્રમાંક: | ૦૨ |
| મુખ્ય સદર: | ૨૪૦૧ - પાક કૃષિ વ્યવસ્થા |
| ગૌણ સદર: | ૧૦૨- ધાન્ય પાકો |
| પેટા સદર: | ૦૩: નેશનલ ફૂડ સિક્યોરીટી મિશન યોજના (૬૦:૪૦ % CSS) |
| | (કેન્દ્ર સરકારનો હિસ્સો (૬૦%) રૂ. ૧૬૬૮.૦૦/- લાખ) |
| | (રાજ્ય સરકારનો હિસ્સો (૪૦%) રૂ. ૧૧૧૨.૦૦/- લાખ) |
| | કુલ રૂ. ૨૭૮૦.૦૦/- લાખ |

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા સલાહકારશ્રીની તા.૧૫/૦૪/૨૦૧૯ અને અધિક મુખ્ય સચિવશ્રીની તા.૧૫/૦૪/૨૦૧૮ ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(જી. કે. ઠાકોર)
સેકશન અધિકારી
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

બીડાણ : પરિશિષ્ટ ૧,૨,૩,૪,૫ અને ૬

નકલ રવાના પ્રતિ:

- ખેતી નિયામકશ્રી, કૃષિ ભવન, ગાંધીનગર. (સબંધિતોને પરીપત્રિત કરવા વિનંતી સહ)
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય બીજ નિગમ લિ., બીજભવન, ગાંધીનગર
- વિભાગની નાણાં શાખા અને બજેટ શાખા,
- કૃષિ અને સહકાર વિભાગની આઇ.ટી શાખા તરફ આ ઠરાવને ઓનલાઇન મુકવા સારૂ.
- નાણાં સલાહકારશ્રી (કૃષિ), સચિવાલય,ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા (કૃષિ), સચિવાલય,ગાંધીનગર.
- એ.જી, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધીકારીશ્રી,ગાંધીનગર.
- સીલેક્ટ ફાઇલ.

પરિશિષ્ટ-૧

સામાન્ય શરતો અને બોલીઓ

**નેશનલ ફુડ સીકયુરીટી મીશન યોજના વર્ષ ૨૦૧૯-૨૦ (૬૦% કેન્દ્ર: ૪૦% રાજ્ય પુરસ્કૃત યોજના)**

**૧. આ યોજનાનો અમલ ભારત સરકારશ્રી દ્વારા નીચે મુજબના પાકો માટે જાહેર કરવામાં આવેલા જિલ્લાઓમાં કરવાનો રહેશે.**

**૧. ઘઉ પાક માટે : અમદાવાદ, બોટાદ, આણંદ, બનાસકાંઠા, ખેડા, સાબરકાંઠા અને અરવલ્લી**

**૨. ચોખા (ડાંગર) પાક માટે : પંચમહાલ, મહીસાગર, વડોદરા અને છોટાઉદેપુર**

**૩. (અ) કઠોળ પાક માટે : રાજયના તમામ ૩૩ જિલ્લાઓ**

**(બ) Additional Area Coverage for increasing Pulses Production during Rabi /Summer : રવિ/ઉનાળુ ઋતુમાં કઠોળ પાક ઉગાડતા તમામ જિલ્લાઓમાં**

**૪. બરછટ ધાન્ય પાકો માટે :**

**(અ) બરછટ ધાન્ય મકાઇ પાક માટે: દાહોદ, પંચમહાલ, મહિસાગર અને છોટ ઉદેપુર**

**(બ) ન્યુટ્રીસિરીયલ (જુવાર, બાજરા અને રાગી) પાક માટે:**

**૧. જુવાર- બનાસકાંઠા, ભરૂચ, સુરત, તાપી**

**૨. બાજરા- અમદાવાદ, આણંદ, બનાસકાંઠા, ભાવનગર, ગાંધીનગર, જુનાગઢ, ખેડા, કચ્છ, મહેસાણા, પંચમહાલ, પાટણ, સાબરકાંઠા, સુરેન્દ્રનગર અને વડોદરા**

**૩. રાગી- ડાંગ અને વલસાડ**

૫. કપાસ અને શેરડી પાકો માટે :

અ. શેરડી પાક માટે:- શેરડી પાક ઉગાડતા તમામ જિલ્લાઓમાં અમલ કરવાનો રહેશે.

બ. કપાસ પાક માટે:- રાજયના કપાસ ઉગાડતા તમામ જિલ્લાઓમાં (ડાંગ, નવસારી અને વલસાડ સિવાયના) અમલ કરવાનો રહેશે.

ક. **NFSM- શેરડી પાકમાં કઠોળ પાકની આંતરપાક પધ્ધતિ:-** સુરત, ભરૂચ, તાપી, નવસારી, વલસાડ, નર્મદા, ગીર સોમનાથ અને વડોદરા

૨. આ યોજનાનાં નિયંત્રણ અધિકારી ખેતી નિયામકશ્રી, ગાંધીનગર રહેશે. તેમજ યોજનાનાં અમલીકરણ બાબતમાં કોઇ પ્રશ્ન ઉપસ્થિત થાય તો ખેતી નિયામકશ્રીનો નિર્ણય આખરી રહેશે. યોજનાની કુલ નાણાંકીય જોગવાઇની મર્યાદામાં ખેતી નિયામકશ્રી, ગુ.રા., ગાંધીનગર આંતરીક ઘટક ફેરફાર કરી શકશે.

૩. આ યોજનાનો અમલ જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી/તાલુકા અમલીકરણ અધિકારીશ્રી દ્વારા કરવાનો રહેશે.

૪. આ યોજનાના વિવિધ ઘટકો માટેના વિગતવાર નાણાકીય અને ભૌતિક લક્ષાંકોની જિલ્લાવાર ફાળવણી ખેતી નિયામકશ્રીએ કરવાની રહેશે. જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીએ તાલુકાવાર-

ઘટકવાર લક્ષ્યાંક ફાળવણી કરવાની રહેશે અને તાલુકા અમલીકરણ અધિકારીશ્રીએ એટસોર્સ અને વ્યકતીગત લાભાર્થી સિવાયના ઘટકોના કિસ્સામાં સંસ્થાવાર ઘટકવાર કામગીરી સોંપવાની રહેશે.

૫. એટસોર્સ અને વ્યકતીગત લાભાર્થી ઘટકોના કિસ્સામાં ગુજરાત એગ્રોના અધિકૃત વિક્રેતા એટલે કે એગ્રો સર્વિસ સેન્ટર/એગ્રી બિઝનેશ સેન્ટર/ગુજરાત રાજ્ય બીજ નિગમનાં અધિકૃત વિક્રેતા/જી.એ.ટી.એલના ડેપો/નર્મદા ખેડુત સહાય કેન્દ્ર/ખરીદ વેચાણ સંઘ/સહકારી સંસ્થા/એમપેનલમેન્ટમાં સમાવિષ્ટ ઉત્પાદક/ઉત્પાદકના અધિકૃત વિક્રેતા દ્વારા યોજનાકીય કામગીરી કરવાની રહેશે.

૬. **અરજદાર ખાતેદાર ખેડૂતે પરિશિષ્ટ-૪માં સમાવિષ્ટ ઘટકો માટે ઓનલાઇન અરજી કરી નિયત સમય મર્યાદામાં મંજુરી અર્થે સંબંધિત કચેરીમાં રજુ કરવાની રહેશે. અરજી મળેથી કચેરીએ સંબંધિત ગ્રામ સેવક પાસેથી સમાન હેતુ વાળા ઘટક માટે આ યોજના તથા સરકારશ્રીની અન્ય કોઇ યોજનામાંથી અગાઉ નિયત કરેલ સમયમર્યાદામાં સહાય મેળવેલ નથી તે બાબતનું પ્રમાણપત્ર/દાખલો મેળવી લેવાનો રહેશે.**

૭. **ચાલુ નાણાંકીય વર્ષમાં આ યોજના હેઠળનાં પરિશિષ્ટ-૨ નાં કોલમ-૫ માં દર્શાવેલ સમયમર્યાદાને ધ્યાને લઇ લક્ષ્યાંકની મર્યાદામાં લાભ લેવા માંગતાં તમામ ઘટકો માટે લાભ આપી શકાશે.**

૮. પરિશિષ્ટ-૨ નાં કોલમ-૫ માં જણાવ્યાનુસાર વાર્ષિક સમયગાળા સિવાયનાં પ્રત્યેક ઘટક માટે તાલુકા અમલીકરણ અધિકારીએ ઘટક વાઇઝ ગામનું નામ, લાભાર્થીનું નામ, ખાતા નંબર, સહાયની રકમ, લાભ આપ્યાનું વર્ષ વિગેરે વિગતો ધરાવતું રજીસ્ટર નિભાવવાનું રહેશે.

૯. આ યોજના હેઠળના ઘટકો માટે સહાયના ધોરણો આ સાથેના પરિશિષ્ટ -૨ મુજબ રહેશે.

૧૦. લાભાર્થીના બેંક એકાઉન્ટમાં બારોબાર સહાયની રકમ જમા થાય તેવા ઘટકો માટે અરજીનો નમુનો આ સાથેના પરિશિષ્ટ-૩ મુજબ રહેશે અને તેના અમલ માટેની કાર્ય પધ્ધતિ આ સાથેના પરિશિષ્ટ-૪ મુજબ રહેશે. જ્યારે એટસોર્સ સહાયવાળા ઘટકો માટે અમલીકરણની પધ્ધતિ પરિશિષ્ટ-૫ અને અરજીનો નમૂનો પરિશિષ્ટ-૫(અ) મુજબ રહેશે. એટસોર્સ/ વ્યક્તિગત લાભાર્થી સિવાયના ઘટકો માટે અમલીકરણની પધ્ધતિ પરિશિષ્ટ ૬ મુજબની રહેશે.

૧૧. **આ યોજનાની ગ્રાન્ટ સબંધિત નોડલ એજન્સીને ફાળવવા માટે ખેતી નિયામકશ્રીને અધિકૃત કરવામાં આવે છે. સહાયના ચુકવણા માટેની નોડલ એજન્સી <u>ગુજરાત રાજ્ય બીજ નિગમ</u>,ગાંધીનગર રહેશે.**

૧૨. સબંધિત નોડલ એજન્સીએ ગ્રાન્ટ વપરાશના પ્રમાણપત્રો (યુટીસી) નિયત નમુનામાં ખેતી નિયામકશ્રી, ગાંધીનગરને સમયસર મોકલવાના રહેશે. તેમજ સબસીડી સહીત થનાર ખર્ચના વિગતવાર હિસાબો તથા ઓડીટને લગતી કામગીરી કરાવવાની રહેશે.

૧૩. નોડલ એજન્સીએ ચુકવવાપાત્ર સહાયની રકમ ECS (Electronic Clearance Service)/RTGS (Real Time Gross Settlement) /DBT (Direct Benefit Transfer)/એકાઉન્ટ પે ચેક/NEFT (National Electronic Fund Transfer) મારફતથી લાભાર્થી/સંસ્થાના ખાતામાં જમા કરવાની રહેશે.

૧૪. યોજનાનું સુચારૂ રૂપે આયોજન અને સમયબધ્ધ અમલીકરણ થાય તે માટે જિલ્લા કક્ષાએ સંયુક્ત ખેતી નિયામકશ્રી (વિસ્તરણ) ની અધ્યક્ષતામાં નીચે મુજબની કમિટી દ્વારા જુદા જુદા ઘટકોમાં આપવાની થતી ઇનપુટ સામગ્રી, તેની ઉપલબ્ધી અને યોજનાનો સમયસર અમલ થાય તે સુનિશ્ચિત કરવાનુ રહેશે.

જિલ્લા કક્ષાની કમીટી

| | | |
|---|---|---|
| ૧ | સંયુક્ત ખેતી નિયામકશ્રી (વિસ્તરણ) | અધ્યક્ષશ્રી |
| ૨ | જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી | સભ્ય સચિવશ્રી |
| ૩ | નાયબ ખેતી નિયામકશ્રી (વિસ્તરણ) | સભ્યશ્રી |
| ૪ | નાયબ ખેતી નિયામકશ્રી (તાલીમ) | સભ્યશ્રી |
| ૫ | કૃષિ યુનિવર્સિટીના જિલ્લાના નોડલ કૃષિ વૈજ્ઞાનિકશ્રી | સભ્યશ્રી |
| ૬ | સંબંધિત જિલ્લામાં કાર્યરત GAIC./ગુરાબીનિ લી/GGRC/ GUJCOMASOL/NSC /NAFED/GSFC/GNFC/IFFCO/KRIBHCO પ્રતિનીધિ<br>NFSM –શેરડી યોજનાના અમલીકરણ જિલ્લામાં કો.ઓ. સુગર કે. ના પ્રતિનિધિ | સભ્યશ્રી |

જે તે જિલ્લાની સ્થાનિક પરીસ્થિતી/જરૂરિયાતને ધ્યાને રાખી અધ્યક્ષશ્રી જરૂરીયાત મુજબ વધારાના સભ્યોને આમંત્રિત કરી શકશે.

૧૫. ઉપરોક્ત કમીટી દવારા ક્ષેત્રિય નિદર્શનમાં આપવાની થતી ઇનપુટ સામગ્રી નક્કી કરવા તથા યોજનાના અન્ય ઘટકોના અમલીકરણના આયોજન અર્થે કમીટીની બેઠક ખરીફ સીઝન માટે જે તે વર્ષની ૧૫ મે પહેલા, રવિ સીઝન માટે ૧૫ સપ્ટેમ્બર પહેલા અને ઉનાળુ સીઝન માટે ૧૫ ડિસેમ્બર પહેલા ફરજીયાત બેઠક બોલાવી કરેલ કાર્યવાહીની જાણ ખેતી નિયામકશ્રીને અચુક કરવાની રહેશે.

૧૬. આ યોજનાના જે ઘટકોમાં વિતરણ કરવાની થતી ખેતસામગ્રી ખાતા દ્વારા એમપેનલમેન્ટ કરેલ હોય તેવા કિસ્સામાં એમપેનલમેન્ટમાં સમાવિષ્ટ ઉત્પાદક/ઉત્પાદકના અધિકૃત વિક્રેતા પાસેથી જ લાભાર્થી ખેડૂતે ખેત સામગ્રીની ખરીદી કરવાની રહેશે.

૧૭. <u>આ યોજનાના ૧૦૦% દ્રાવ્ય રાસાયણીક ખાતર સિવાયના કોઈ ઘટકનુ ખાતા દ્વારા એમપેનલમેન્ટ કરેલ હોય ન હોય તેવા કિસ્સમાં જી.એ.આઈ.સી/ જી.એસ.એફ.સી./ જી.એન.એફ.સી/ગુજરાત રાજ્ય બીજ નિગમ જેવી સરકારી સંસ્થાઓ અને ઈફકો/ક્રિભકો/ગુજકોમાસોલ જેવી સહકારી સંસ્થાઓ તેમજ રાજ્યની કૃષિ યુનીવર્સીટીઓ/નેશનલ સીડ્સ કોર્પોરેશન (એન.એસ.સી), જિલ્લા પંચાયત હસ્તકના બિયારણ વૃધ્ધિ કેંદ્રો દ્વારા ઉત્પાદિત સામગ્રીની ખરીદી કરી શકાશે.</u>

૧૮. <u>શરત નં. ૧૬ અને ૧૭ મુજબ જો કોઇ ખેતસામગ્રીની ખરીદી થઇ શકે તેમ ન હોય તેવા સંજોગોમાં શરત નં.-૧૪ મુજબની કમીટીની બેઠક બોલાવીને સરકારશ્રીના પ્રવર્તમાન ધારાધોરણ અને નિયમોનુસાર ખરીદી કરી, વિતરક સંસ્થા દ્વારા વિતરણ કરાવવાના રહેશે.</u>

૧૯. સ્પ્રીંકલર સેટ ઘટકનું અમલીકરણ GGRCના સક્ષમ અધિકારી મારફત કરવાનું રહેશે.

- સ્પ્રીંકલર સેટ માટેની અરજી ખેડૂતે, I- Khedut પોર્ટલના બદલે GGRCની વેબસાઇટ ઉપર કરવાની રહેશે.
- GGRC દ્વારા સહાય મંજૂર કરી લાભર્થીના બેંક ખાતામાં ECS/RTGSથી જમા કરાવવાની રહેશે અને થયેલ કામગીરીનો માસિક પ્રગતિ અહેવાલ ખેતી નિયામક/સંબંધિત જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીને નિયમિત રજુ કરવાનો રહેશે.
- સ્પ્રીંકલર ઘટકની ગ્રાન્ટ GGRCને હવાલે મુકવા ખેતી નિયામકશ્રીને અધિકૃત કરવામાં આવે છે. જે માટે GGRC દ્વારા ગ્રાન્ટ માંગણી સમયસર મોકલી આપવાની રહેશે.

- GGRC દ્વારા જિલ્લાવાર લક્ષાંક મુજબની કામગીરી પુર્ણ કરી વર્ષ અંતે ગ્રાન્ટ વપરાશના પ્રમાણપત્ર (UTC) ખેતી નિયામકશ્રીને રજુ કરવાના રહેશે.

૨૦. પ્રમાણીત બીજ ઉત્પાદન પ્રોગ્રામનામાં પરીણામો લાંબાગાળે આવતા હોય નાણાકીય વર્ષ પુર્ણ થતું હોયતો તે પછીના નાણાકીય વર્ષમાં ચુકવણું કરવાનુ રહેશે

૨૧. આ યોજનાના કોઈ પણ ઘટક હેઠળ સબસીડાઈઝ્ડ રાસાયણિક ખાતરનું વિતરણ કરી શકાશે નહી.

૨૨. આ યોજના હેઠળ પરિશિષ્ટ-૨ના ઘટકો માટે મહિલા તથા દિવ્યાંગ ખેડૂતોને પ્રાધાન્ય આપવાનું રહેશે

૨૩. પ્રોજેક્ટ બેઇઝડ દરખાસ્તો માટે સક્ષમ કક્ષાએથી મંજૂરી મળ્યા બાદ અમલ કરવાનો રહેશે.

૨૪. આ યોજના હેઠળ લાભાર્થીઓની પસંદગી માટે અને અમલીકરણ માટેની મોડાલીટી કેન્દ્ર સરકારશ્રીની મીશનની ઓપરેશનલ ગાઈડ લાઇન મુજબની રહેશે.

૨૫. રાજયના તમામ પ્રકારના લાભાર્થી ખેડુતને એક સીઝનમાં વધુમાં વધુ ૫ હેકટરની મર્યાદામાં યોજનાના જુદા જુદા ઘટકો હેઠળ સહાય મેળવવા પાત્ર રહેશે.

૨૬. ભારત સરકારશ્રી ધ્વારા યોજનાની ગાઇડલાઇનમાં તથા સહાયના ધોરણમાં વખતોવખત થતા સુધારા- વધારા જે તે તારીખથી આપોઆપ અમલી કરવાનાં રહેશે.

૨૭. આ યોજનાના તમામ ઘટકોનું અમલીકરણ ખેતી નિયામકશ્રી/સરકારશ્રીની વખતો વખતની સુચનાઓ અનુસાર કરવાનું રહેશે.

## પરિશિષ્ટ – ૨

## નેશનલ ફુડ સીકયોરીટી મીશન (એન.એફ.એસ.એમ)

## (કઠોળ, ઘઉં, ચોખા, "Additional Area Coverage for increasing Pulses Production during Rabi/Summer", બરછટ ધાન્ય, ન્યુટ્રી સીરીયલ, શેરડી અને કપાસમાં, NFSM- શેરડી પાકમાં કઠોળ પાકની આંતરપાક પધ્ધતિમાં સહાયના ધોરણો (૬૦% કેન્દ્ર: ૪૦% રાજ્ય પુરસ્કૃત)

| અ | કઠોળમાં સહાયના ધોરણો - રાજ્યના તમામ ૩૩ જીલ્લામાં લાભ આપી શકાશે | | | |
|---|---|---|---|---|
| અ.નં | ઘટકનું નામ | સહાયની વિગત | રિમાર્કસ | વધુમાં કેટલી નિયત મર્યાદામાં આ ઘટક રીપીટ કરી શકાશે તે સ્પષ્ટ કરવુ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | ડેમોસ્ટ્રેશન ઓન ઇમ્પ્રુવ્ડ ટેકનોલોજી | | | |
| (a) | કલસ્ટર ડેમોસ્ટ્રેશન (૧૦૦ હેક્ટર) | રૂ. ૯૦૦૦/- પ્રતિ હેકટર – ખાતા દીઠ વધુમાં વધુ એક હેક્ટર | પરિશિષ્ટ-૧ની શરતો નં ૫, ૧૬, ૧૭ અને ૧૮ મુજબ | દર વર્ષે |
| (b) | ક્રોપીંગ સીસ્ટમ બેઝ્ડ ડેમોસ્ટ્રેશન | રૂ. ૧૫૦૦૦/- પ્રતિ હેકટર ખાતા દીઠ વધુમાં વધુ એક હેક્ટર | પરિશિષ્ટ-૧ની શરતો નં ૫, ૧૬, ૧૭ અને ૧૮ મુજબ | દર વર્ષે |
| ૨ | પ્રમાણીત બીજ વિતરણ (વધુ ઉત્પાદન આપતી જાતો) | | | |
| (a) | ૧૦ વર્ષ સુધીની નવી જાતો | કિંમતના ૫૦ % અથવા રૂ. ૫૦૦૦/- પ્રતિ ક્વિન્ટલ બેમાંથી જે ઓછુ હોય તે ખાતા દીઠ વધુમાં વધુ બે હેક્ટર | પરિશિષ્ટ-૧ની શરતો નં ૫, ૧૬, ૧૭ અને ૧૮ મુજબ | દર વર્ષે |
| (b) | ૧૦ વર્ષ કરતા વધુ જુની જાતો | કિંમતના ૫૦ % અથવા રૂ. ૨૫૦૦/- પ્રતિ ક્વિન્ટલ બેમાંથી જે ઓછુ હોય તે ખાતા દીઠ વધુમાં વધુ બે હેક્ટર | પરિશિષ્ટ-૧ની શરતો નં ૫, ૧૬, ૧૭ અને ૧૮ મુજબ | દર વર્ષે |
| ૨(a) | ફાઉન્ડેશન બીજ ઉત્પાદન | ઉત્પાદન ખર્ચના ૫૦% અથવા રૂ.૫૦૦૦/- પ્રતિ ક્વિન્ટલ બેમાંથી જે ઓછુ હોય તે ખાતા દીઠ વધુમાં વધુ બે હેક્ટર | કુલ સહાયના ૭૫% સહાય બીજ ઉત્પાદન કરનાર ખેડૂતને અને ૨૫% સહાય આ કાર્યક્રમમાં પ્રવૃત બીજ ઉત્પાદક એજન્સીને મળવાપાત્ર થાય છે પરિશિષ્ટ-૧ની શરત નં ૨૦ મુજબ | દર વર્ષે |
| ૨(b) | સર્ટી.બીજ ઉત્પાદન | | | |
| ૩ | સંકલિત ખાતર વ્યવસ્થા | | | |

| | | | | |
|---|---|---|---|---|
| (a) | સુક્ષ્મતત્વ | કિંમતના ૫૦ % અથવા રૂ.૫૦૦/- પ્રતિ હેકટર બે માંથી જે ઓછું હોય તે. ખાતા દીઠ વધુમાં વધુ બે હેક્ટર | પરિશિષ્ટ-૧ની શરતો નં ૫, ૧૬, ૧૭ અને ૧૮ મુજબ | દર વર્ષે |
| (b) | જીપ્સમ/ બેન્ટોનાઇટ સલ્ફર | જીપ્સમની કિંમતના ૫૦ % અથવા રૂ.૭૫૦/-પ્રતિ ક્વિન્ટલ અથવા બેન્ટોનાઇટ સલ્ફરની કિંમતના ૫૦ % અથવા રૂ.૭૫૦/-પ્રતિ હેક્ટર બેમાંથી જે ઓછું હોય તે, ખાતા દીઠ વધુમાં વધુ બે હેક્ટર | ગુજરાત સ્ટેટ ફર્ટીલાઈઝર એન્ડ કેમીકલસ લી., વડોદરા તેમજ હિન્દાલકો, ભરૂચ કંપનીનાં અધિકૃત વિક્રેતા મારફતે વિતરણ કરાવવાનું રહેશે. | દર વર્ષે |
| (c) | જૈવિક ખાતર | કિંમતના ૫૦ % અથવા રૂ.૩૦૦/- પ્રતિ હેકટર બેમાંથી જે ઓછું હોય તે. ખાતા દીઠ વધુમાં વધુ બે હેક્ટર | પરિશિષ્ટ-૧ની શરતો નં ૫, ૧૬, ૧૭ અને ૧૮ મુજબ | દર વર્ષે |
| ૪ | **સંકલીત જીવાત નિયંત્રણ વ્યવસ્થા** | | | |
| (a) | પાક સંરક્ષણ દવા | કિંમતના ૫૦ % અથવા રૂ.૫૦૦/-પ્રતિ હેકટર બેમાંથી જે ઓછું હોય તે. ખાતા દીઠ વધુમાં વધુ બે હેક્ટર | પરિશિષ્ટ-૧ની શરતો નં ૫, ૧૬, ૧૭ અને ૧૮ મુજબ | દર વર્ષે |
| (b) | નિંદામણ નાશક દવા | કિંમતના ૫૦ % અથવા રૂ.૫૦૦/-પ્રતિ હેકટર બેમાંથી જે ઓછું હોય તે. ખાતા દીઠ વધુમાં વધુ બે હેક્ટર | | |
| ૫ | **કુદરતી સ્રોતોનું સંરક્ષણ** | | | |
| (a) | પાવર ઓપરેટેડ સ્પ્રેયર્સ (૧૨ થી ૧૬ લી. સુધીના) | • જનરલ ખેડૂતો માટે કિંમતના ૪૦ % અથવા રૂ.૩૦૦૦/- (૧૨ થી ૧૬ લી. સુધીના) બેમાંથી જે ઓછું હોય તે. ખાતા દીઠ વધુમાં વધુ એક નંગ<br>• SC/ST, નાના, સિમાંત અને મહિલા ખેડૂત લાભાર્થી માટે કિંમતના ૫૦ % અથવા રૂ. ૩૮૦૦/- (૧૨ થી ૧૬ લી. સુધીના) બે માંથી જે ઓછુ હોય તે. ખાતા દીઠ વધુમાં વધુ એક નંગ | પરિશિષ્ટ-૧ની શરતો નં ૫, ૧૬, ૧૭ અને ૧૮ મુજબ | ૫ વર્ષમાં એક વખત |

| | | | | |
|---|---|---|---|---|
| (b) | પાવર ઓપરેટેડ સ્પ્રેયર્સ (૧૬ લી. થી વધુ) | • જનરલ ખેડૂતો માટે કિંમતના ૪૦ % અથવા રૂ.૮૦૦૦/- (૧૬ લી. થી વધુ) બેમાંથી જે ઓછું હોય તે. ખાતા દીઠ વધુમાં વધુ એક નંગ<br>• SC/ST, નાના, સિમાંત અને મહિલા ખેડૂત લાભાર્થી માટે કિંમતના ૫૦ % અથવા રૂ. ૧૦૦૦૦/- (૧૬ લી. થી વધુ) બે માંથી જે ઓછુ હોય તે. ખાતા દીઠ વધુમાં વધુ એક નંગ | પરિશિષ્ટ-૧ની શરતો નં ૫, ૧૬, ૧૭ અને ૧૮ મુજબ | ૫ વર્ષમાં એક વખત |
| (c) | સીડ ડ્રીલ ટ્રેક્ટર સંચાલિત ૨૦ થી ૩૫ BHP સુધીના) | • જનરલ ખેડૂતો માટે કિંમતના ૪૦ % અથવા રૂ.૧૨,૦૦૦/- (ટ્રેક્ટર સંચાલિત ૨૦ થી ૩૫ BHP સુધીના) બેમાંથી જે ઓછું હોય તે. ખાતા દીઠ વધુમાં વધુ એક નંગ<br>• SC/ST, નાના, સિમાંત અને મહિલા ખેડૂત લાભાર્થી માટે કિંમતના ૫૦ % અથવા રૂ.૧૫,૦૦૦/- (ટ્રેક્ટર સંચાલિત ૨૦ થી ૩૫ BHP સુધીના) બેમાંથી જે ઓછું હોય તે. ખાતા દીઠ વધુમાં વધુ એક નંગ | પરિશિષ્ટ-૧ની શરતો નં ૫, ૧૬, ૧૭ અને ૧૮ મુજબ | ૫ વર્ષમાં એક વખત |
| (d) | સીડ ડ્રીલ ટ્રેક્ટર સંચાલિત ૩૫ BHP થી વધુ) | • જનરલ ખેડૂતો માટે કિંમતના ૪૦ % અથવા રૂ.૧૬,૦૦૦/- (ટ્રેક્ટર સંચાલિત ૩૫ BHP થી વધુ) બેમાંથી જે ઓછું હોય તે. ખાતા દીઠ વધુમાં વધુ એક નંગ<br>• SC/ST, નાના, સિમાંત અને મહિલા ખેડૂત લાભાર્થી માટે કિંમતના ૫૦ % અથવા રૂ.૨૦,૦૦૦/- (ટ્રેક્ટર સંચાલિત ૩૫ BHP થી વધુ) બેમાંથી જે ઓછું હોય તે. ખાતા દીઠ વધુમાં વધુ એક નંગ | પરિશિષ્ટ-૧ની શરતો નં ૫, ૧૬, ૧૭ અને ૧૮ મુજબ | ૫ વર્ષમાં એક વખત |

| | | | | |
|---|---|---|---|---|
| (e) | રોટાવેટર (ટ્રેક્ટર સંચાલિત ૩૫ BHP થી વધુ ૬ ફુટ) | • જનરલ ખેડૂતો માટે કિંમતના ૪૦ % અથવા રૂ.૩૫,૮૦૦/- (ટ્રેક્ટર સંચાલિત ૩૫ BHP થી વધુ ૬ ફુટ) બેમાંથી જે ઓછું હોય તે. ખાતા દીઠ વધુમાં વધુ એક નંગ<br>• SC/ST, નાના, સિમાંત અને મહિલા ખેડૂત લાભાર્થી માટે કિંમતના ૫૦ % અથવા રૂ.૪૪,૮૦૦/- (ટ્રેક્ટર સંચાલિત ૩૫ BHP થી વધુ ૬ ફુટ) બેમાંથી જે ઓછું હોય તે. ખાતા દીઠ વધુમાં વધુ એક નંગ | પરિશિષ્ટ-૧ની શરતો નં ૫, ૧૬, ૧૭ અને ૧૮ મુજબ | ૧૦ વર્ષમાં એક વખત |
| (f) | રોટાવેટર (ટ્રેક્ટર સંચાલિત ૩૫ BHP થી વધુ ૭ ફુટ) | • જનરલ ખેડૂતો માટે કિંમતના ૪૦ % અથવા રૂ.૩૮,૧૦૦/- (ટ્રેક્ટર સંચાલિત ૩૫ BHP થી વધુ ૭ ફુટ) બેમાંથી જે ઓછું હોય તે. ખાતા દીઠ વધુમાં વધુ એક નંગ<br>• SC/ST, નાના, સિમાંત અને મહિલા ખેડૂત લાભાર્થી માટે કિંમતના ૫૦ % અથવા રૂ.૪૭,૬૦૦/- (ટ્રેક્ટર સંચાલિત ૩૫ BHP થી વધુ ૭ ફુટ) બેમાંથી જે ઓછું હોય તે. ખાતા દીઠ વધુમાં વધુ એક નંગ | પરિશિષ્ટ-૧ની શરતો નં ૫, ૧૬, ૧૭ અને ૧૮ મુજબ | ૧૦ વર્ષમાં એક વખત |
| (g) | લેઝર લેન્ડ લેવલર (ટ્રેક્ટર સંચાલિત ૩૫ BHP થી વધુ) | • જનરલ ખેડૂતો માટે કિંમતના ૪૦ % અથવા રૂ.૧,૬૦,૦૦૦/- (ટ્રેક્ટર સંચાલિત ૩૫ BHP થી વધુ) બેમાંથી જે ઓછું હોય તે. ખાતા દીઠ વધુમાં વધુ એક નંગ<br>• SC/ST, નાના, સિમાંત અને મહિલા ખેડૂત લાભાર્થી માટે કિંમતના ૫૦ % અથવા રૂ.૨,૦૦,૦૦૦/- (ટ્રેક્ટર સંચાલિત ૩૫ BHP થી વધુ) બેમાંથી જે ઓછું હોય તે. ખાતા દીઠ વધુમાં વધુ એક નંગ | પરિશિષ્ટ-૧ની શરતો નં ૫, ૧૬, ૧૭ અને ૧૮ મુજબ | ૧૦ વર્ષમાં એક વખત |

| | | | | |
|---|---|---|---|---|
| (h) | મલ્ટી ક્રોપ થ્રેસર (ટ્રેક્ટર સંચાલિત ૩૫ BHP થી વધુ) | • જનરલ ખેડૂતો માટે કિંમતના ૪૦ % અથવા રૂ.૮૦,૦૦૦/- (ટ્રેક્ટર સંચાલિત ૩૫ BHP થી વધુ) બેમાંથી જે ઓછું હોય તે. ખાતા દીઠ વધુમાં વધુ એક નંગ<br>• SC/ST, નાના, સિમાંત અને મહિલા ખેડૂત લાભાર્થી માટે કિંમતના ૫૦ % અથવા રૂ.૧,૦૦,૦૦૦/- (ટ્રેક્ટર સંચાલિત ૩૫ BHP થી વધુ) બેમાંથી જે ઓછું હોય તે. ખાતા દીઠ વધુમાં વધુ એક નંગ | પરિશિષ્ટ-૧ની શરતો નં ૫, ૧૬, ૧૭ અને ૧૮ મુજબ | ૧૦ વર્ષમાં એક વખત |
| ૬ | પાણીનો કાર્યક્ષમ ઉપયોગ | | | |
| (a) | સ્પ્રીંકલર સેટ | PMKSY યોજનાના સહાયના ધોરણો મુજબ (રૂ. ૧૯૫૪૨/- થી રૂ. ૨૧૯૦૧/-પ્રતિ હેક્ટર પાઇપના ડાયામીટર મુજબ) ખાતા દીઠ વધુમાં વધુ એક હેક્ટર | G.G.R.C. મારફતે અમલ થશે પરિશિષ્ટ-૧ની શરત નં. ૧૯ મુજબ | ૧૦ વર્ષમાં એક વખત |
| (b) | પંપસેટ | કિંમતના ૫૦ % અથવા રૂ.૧૦૦૦૦/- બેમાંથી જે ઓછું હોય તે. ખાતા દીઠ વધુમાં વધુ એક નંગ | પરિશિષ્ટ-૧ની શરતો નં ૫, ૧૬, ૧૭ અને ૧૮ મુજબ | ૫ વર્ષમાં એક વખત |
| (c) | વોટર કેરીંગ પાઈપ લાઈન (ખુલ્લીપાઇપ લાઇન) | કિંમતના ૫૦ % અથવા રૂ.૧૫૦૦૦/- પ્રતિ લાભાર્થી બેમાંથી જે ઓછું હોય તે, HDPE પાઇપ માટે રૂ. ૫૦/- પ્રતિ મીટર, PVC પાઇપ માટે રૂ. ૩૫/- પ્રતિ મીટર અને HDPE Laminated Woven lay flat Tubes માટે રૂ. ૨૦/- પ્રતિ મીટર પ્રતિ લાભાર્થી. | પરિશિષ્ટ-૧ની શરતો નં ૫, ૧૬, ૧૭ અને ૧૮ મુજબ | ૫ વર્ષમાં એક વખત |
| ૭ | ક્રોપિંગ સીસ્ટમ બેઝડ તાલીમ | રૂ. ૩૫૦૦/સેશન, પ્રત્યેક તાલીમ માટે રૂ.૧૪૦૦૦/- | જિલ્લા ખેતીવાડી અધિકારી/તાલુકા અમલીકરણ અધિકારી દ્વારા | દર વર્ષે |
| ૮ | લોકલ ઈનીશીયેટીવ્સ (સ્પષ્ટ એકટીવીટી) | પ્રોજેક્ટ બેઝડ | પ્રોજેક્ટ બેઝડ | પ્રોજેક્ટ બેઝડ |
| ૯ | અન્ય ઈનીશીયેટીવ્સ | | | |
| (a) | ડેમોસ્ટ્રેશન (NGO) | રૂ. ૯૯૦૦/- પ્રતિ હેક્ટરની મર્યાદામાં | પ્રોજેક્ટ બેઝડ | પ્રોજેક્ટ બેઝડ |

| | | | | |
|---|---|---|---|---|
| (b) | કસ્ટમ હાઈરીંગ | રૂ. ૧૫૦૦/ પ્રતિ હેક્ટરની મર્યાદામાં | વ્યક્તિગત | |
| (c) | માર્કેટીંગ સપોર્ટ | પ્રોજેક્ટ બેઝ્ડ | પ્રોજેક્ટ બેઝ્ડ | |
| (d) | સ્પેસ્યુયાલાઇઝ્ડ પ્રોજેક્ટ | પ્રોજેક્ટ બેઝ્ડ | પ્રોજેક્ટ બેઝ્ડ | |
| (e) | વેલ્યૂ ચેઇન ઇરીગેશન | પ્રોજેક્ટ બેઝ્ડ | પ્રોજેક્ટ બેઝ્ડ | |
| બ | ઘઉંમાં સહાયના ધોરણો - રાજ્યના અમદાવાદ, બોટાદ, આણંદ, બનાસકાંઠા, ખેડા, સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લામાં લાભ આપી શકાશે | | | |
| ૧ | આધુનિક ખેતી પદ્ધતિ નિદર્શન | | | |
| (a) | કલસ્ટર ડેમોસ્ટ્રેશન (૧૦૦ હેક્ટર) | રૂ. ૯૦૦૦/- પ્રતિ હેકટર. ખાતા દીઠ વધુમાં વધુ એક હેક્ટર | પરિશિષ્ટ-૧ની શરતો નં ૫, ૧૬, ૧૭ અને ૧૮ મુજબ | દર વર્ષે |
| (b) | (૨) ક્રોપીંગ સીસ્ટમ બેઝ્ડ ડેમોસ્ટ્રેશન | રૂ. ૧૫૦૦૦/-પ્રતિ હેકટર. ખાતા દીઠ વધુમાં વધુ એક હેક્ટર | | |
| ૨ | પ્રમાણીત બીજ વિતરણ (વધુ ઉત્પાદન આપતી જાતો) | | | |
| (a) | ૧૦ વર્ષ સુધીની નવી જાતો | પ્રમાણીત બિયારણની કિંમતના ૫૦ % અથવા રૂ. ૨૦૦૦/-પ્રતિ કિવન્ટલ બેમાંથી જે ઓછુ હોય તે. ખાતા દીઠ વધુમાં વધુ બે હેક્ટર | પરિશિષ્ટ-૧ની શરતો નં ૫, ૧૬, ૧૭ અને ૧૮ મુજબ | દર વર્ષે |
| (b) | ૧૦ વર્ષ કરતા વધુ જુની જાતો | પ્રમાણીત બિયારણની કિંમતના ૫૦ % અથવા રૂ.૧૦૦૦/-પ્રતિ કિવન્ટલ બેમાંથી જે ઓછુ હોય તે. ખાતા દીઠ વધુમાં વધુ બે હેક્ટર | પરિશિષ્ટ-૧ની શરતો નં ૫, ૧૬, ૧૭ અને ૧૮ મુજબ | |
| 3 | જરૂરીયાત મુજબ છોડ/જમીનની માવજત | | | |
| (a) | સુક્ષ્મતત્વો | કિંમતના ૫૦ % અથવા રૂ ૫૦૦/-પ્રતિ હેકટર બેમાંથી જે ઓછું હોય તે. ખાતા દીઠ વધુમાં વધુ બે હેક્ટર | પરિશિષ્ટ-૧ની શરતો નં ૫, ૧૬, ૧૭ અને ૧૮ મુજબ | દર વર્ષે |

| | | | | |
|---|---|---|---|---|
| (b) | જીપ્સમ/બેન્ટોનાઇટ સલ્ફર | જીપ્સમની કિંમતના ૫૦ % અથવા રૂ.૭૫૦/-પ્રતિ કિવન્ટલ અથવા બેન્ટોનાઇટ સલ્ફરની કિંમતના ૫૦ % અથવા રૂ.૭૫૦/-પ્રતિ હેક્ટર બેમાંથી જે ઓછું હોય તે, ખાતા દીઠ વધુમાં વધુ બે હેક્ટર | ગુજરાત સ્ટેટ ફર્ટીલાઈઝર એન્ડ કેમીકલસ લી., વડોદરા તેમજ હિન્દાલકો, ભરૂચ કંપનીનાં અધિકૃત વિક્રેતા મારફતે વિતરણ કરવાનું રહેશે. | દર વર્ષે |
| (c) | પાક સંરક્ષણ દવા અને બાયો એજન્ટ | કિંમતના ૫૦ % અથવા રૂ ૫૦૦/- પ્રતિ હેકટર બેમાંથી જે ઓછું હોય તે. ખાતા દીઠ વધુમાં વધુ બે હેક્ટર | પરિશિષ્ટ-૧ની શરતો નં ૫, ૧૬, ૧૭ અને ૧૮ મુજબ | દર વર્ષે |
| (d) | નિંદામણ નાશક દવા | કિંમતના ૫૦ % અથવા રૂ ૫૦૦/- પ્રતિ હેકટર બેમાંથી જે ઓછું હોય તે. ખાતા દીઠ વધુમાં વધુ બે હેક્ટર | પરિશિષ્ટ-૧ની શરતો નં ૫, ૧૬, ૧૭ અને ૧૮ મુજબ | દર વર્ષે |
| ૪ | **કુદરતી સ્રોતોનું સંરક્ષણ** | | | |
| (a) | પાવર ઓપરેટેડ સ્પ્રેયર્સ (૧૨ થી ૧૬ લી. સુધીના) | • જનરલ ખેડૂતો માટે કિંમતના ૪૦ % અથવા રૂ.૩૦૦૦/- (૧૨ થી ૧૬ લી. સુધીના) બેમાંથી જે ઓછું હોય તે. ખાતા દીઠ વધુમાં વધુ એક નંગ<br>• SC/ST, નાના, સિમાંત અને મહિલા ખેડૂત લાભાર્થી માટે કિંમતના ૫૦ % અથવા રૂ. ૩૮૦૦/- (૧૨ થી ૧૬ લી. સુધીના) બે માંથી જે ઓછુ હોય તે. ખાતા દીઠ વધુમાં વધુ એક નંગ | પરિશિષ્ટ-૧ની શરતો નં ૫, ૧૬, ૧૭ અને ૧૮ મુજબ | ૫ વર્ષમાં એક વખત |
| (b) | પાવર ઓપરેટેડ સ્પ્રેયર્સ (૧૬ લી. થી વધુ) | • જનરલ ખેડૂતો માટે કિંમતના ૪૦ % અથવા રૂ.૮૦૦૦/- (૧૬ લી. થી વધુ) બેમાંથી જે ઓછું હોય તે. ખાતા દીઠ વધુમાં વધુ એક નંગ<br>• SC/ST, નાના, સિમાંત અને મહિલા ખેડૂત લાભાર્થી માટે કિંમતના ૫૦ % અથવા રૂ. ૧૦૦૦૦/- (૧૬ લી. થી વધુ) બે માંથી જે ઓછુ હોય તે. ખાતા દીઠ વધુમાં વધુ એક નંગ | પરિશિષ્ટ-૧ની શરતો નં ૫, ૧૬, ૧૭ અને ૧૮ મુજબ | ૫ વર્ષમાં એક વખત |

| | | | | |
|---|---|---|---|---|
| (c) | સીડ ડ્રીલ ટ્રેક્ટર સંચાલિત ૩૫ BHP થી વધુ) | • જનરલ ખેડૂતો માટે કિંમતના ૪૦ % અથવા રૂ.૧૬,૦૦૦/- (ટ્રેક્ટર સંચાલિત ૩૫ BHP થી વધુ) બેમાંથી જે ઓછું હોય તે. ખાતા દીઠ વધુમાં વધુ એક નંગ<br>• SC/ST, નાના, સિમાંત અને મહિલા ખેડૂત લાભાર્થી માટે કિંમતના ૫૦ % અથવા રૂ.૨૦,૦૦૦/- (ટ્રેક્ટર સંચાલિત ૩૫ BHP થી વધુ) બેમાંથી જે ઓછું હોય તે. ખાતા દીઠ વધુમાં વધુ એક નંગ | પરિશિષ્ટ-૧ની શરતો નં ૫, ૧૬, ૧૭ અને ૧૮ મુજબ | ૫ વર્ષમાં એક વખત |
| (d) | રોટાવેટર (ટ્રેક્ટર સંચાલિત ૩૫ BHP થી વધુ ૬ ફુટ) | • જનરલ ખેડૂતો માટે કિંમતના ૪૦ % અથવા રૂ.૩૫,૮૦૦/- (ટ્રેક્ટર સંચાલિત ૩૫ BHP થી વધુ ૬ ફુટ) બેમાંથી જે ઓછું હોય તે. ખાતા દીઠ વધુમાં વધુ એક નંગ<br>• SC/ST, નાના, સિમાંત અને મહિલા ખેડૂત લાભાર્થી માટે કિંમતના ૫૦ % અથવા રૂ.૪૪,૮૦૦/- (ટ્રેક્ટર સંચાલિત ૩૫ BHP થી વધુ ૬ ફુટ) બેમાંથી જે ઓછું હોય તે. ખાતા દીઠ વધુમાં વધુ એક નંગ | પરિશિષ્ટ-૧ની શરતો નં ૫, ૧૬, ૧૭ અને ૧૮ મુજબ | ૧૦ વર્ષમાં એક વખત |
| (e) | રોટાવેટર (ટ્રેક્ટર સંચાલિત ૩૫ BHP થી વધુ ૭ ફુટ) | • જનરલ ખેડૂતો માટે કિંમતના ૪૦ % અથવા રૂ.૩૮,૧૦૦/- (ટ્રેક્ટર સંચાલિત ૩૫ BHP થી વધુ ૭ ફુટ) બેમાંથી જે ઓછું હોય તે. ખાતા દીઠ વધુમાં વધુ એક નંગ<br>• SC/ST, નાના, સિમાંત અને મહિલા ખેડૂત લાભાર્થી માટે કિંમતના ૫૦ % અથવા રૂ.૪૭,૬૦૦/- (ટ્રેક્ટર સંચાલિત ૩૫ BHP થી વધુ ૭ ફુટ) બેમાંથી જે ઓછું હોય તે. ખાતા દીઠ વધુમાં વધુ એક નંગ | પરિશિષ્ટ-૧ની શરતો નં ૫, ૧૬, ૧૭ અને ૧૮ મુજબ | ૧૦ વર્ષમાં એક વખત |

| | | | | |
|---|---|---|---|---|
| (f) | લેઝર લેન્ડ લેવલર (ટ્રેક્ટર સંચાલિત ૩૫ BHP થી વધુ) | • જનરલ ખેડૂતો માટે કિંમતના ૪૦ % અથવા રૂ.૧,૬૦,૦૦૦/- /- (ટ્રેક્ટર સંચાલિત ૩૫ BHP થી વધુ) બેમાંથી જે ઓછું હોય તે. ખાતા દીઠ વધુમાં વધુ એક નંગ | પરિશિષ્ટ-૧ની શરતો નં ૫, ૧૬, ૧૭ અને ૧૮ મુજબ | ૧૦ વર્ષમાં એક વખત |
| (g) | મલ્ટી ક્રોપ થ્રેસર (ટ્રેક્ટર સંચાલિત ૩૫ BHP થી વધુ) | • જનરલ ખેડૂતો માટે કિંમતના ૪૦ % અથવા રૂ.૮૦,૦૦૦/- (ટ્રેક્ટર સંચાલિત ૩૫ BHP થી વધુ) બેમાંથી જે ઓછું હોય તે. ખાતા દીઠ વધુમાં વધુ એક નંગ | પરિશિષ્ટ-૧ની શરતો નં ૫, ૧૬, ૧૭ અને ૧૮ મુજબ | ૧૦ વર્ષમાં એક વખત |
| ૫ | પાણીનો કાર્યક્ષમ ઉપયોગ | | | |
| (a) | સ્પ્રીંકલર સેટ | PMKSY યોજનાના સહાયના ધોરણો મુજબ (રૂ. ૧૯૫૪૨/- થી રૂ. ૨૧૯૦૧/-પ્રતિ હેક્ટર પાઇપના ડાયામીટર મુજબ) ખાતા દીઠ વધુમાં વધુ એક હેક્ટર | G.G.R.C. મારફતે અમલ થશે પરિશિષ્ટ-૧ની શરત નં. ૧૯ મુજબ | ૧૦ વર્ષમાં એક વખત |
| (b) | પંપસેટ | કિંમતના ૫૦ % અથવા રૂ.૧૦૦૦૦/- બેમાંથી જે ઓછું હોય તે. ખાતા દીઠ વધુમાં વધુ એક નંગ | પરિશિષ્ટ-૧ની શરતો નં ૫, ૧૬, ૧૭ અને ૧૮ મુજબ | ૫ વર્ષમાં એક વખત |
| (c) | વોટર કેરીંગ પાઈપ લાઈન (ખુલ્લી પાઇપલાઇન) | કિંમતના ૫૦ % અથવા રૂ.૧૫૦૦૦/- પ્રતિ લાભાર્થી બેમાંથી જે ઓછું હોય તે, HDPE પાઇપ માટે રૂ. ૫૦/- પ્રતિ મીટર, PVC પાઇપ માટે રૂ. ૩૫/- પ્રતિ મીટર અને HDPE Laminated Woven lay flat Tubes માટે રૂ. ૨૦/- પ્રતિ મીટર પ્રતિ લાભાર્થી. | પરિશિષ્ટ-૧ની શરતો નં ૫, ૧૬, ૧૭ અને ૧૮ મુજબ | ૫ વર્ષમાં એક વખત |
| ૭ | ક્રોપિંગ સીસ્ટમ બેઝડ તાલીમ | રૂ. ૩૫૦૦/સેશન, પ્રત્યેક તાલીમ માટે રૂ.૧૪૦૦૦/- | જિલ્લા ખેતીવાડી અધિકારી/તાલુકા અમલીકરણ અધિકારી દ્વારા | દર વર્ષે |
| ૮ | લોકલ ઈનીશીયેટીવ્સ (સ્પષ્ટ એક્ટીવીટી) | પ્રોજેક્ટ બેઝડ | પ્રોજેક્ટ બેઝડ | પ્રોજેક્ટ બેઝડ |
| ૮ | અન્ય ઈનીશીયેટીવ્સ | | | |
| (a) | ડેમોસ્ટ્રેશન (NGO) | રૂ. ૯૯૦૦/- પ્રતિ હેક્ટરની મર્યાદામાં | પ્રોજેક્ટ બેઝડ | પ્રોજેક્ટ બેઝડ |

| | | | | |
|---|---|---|---|---|
| (b) | કસ્ટમ હાઈરીંગ | રૂ. ૧૫૦૦/ પ્રતિ હેક્ટરની મર્યાદામાં | વ્યક્તિગત | |
| (c) | સ્પેસુયાલાઇઝ્ડ પ્રોજેક્ટ | પ્રોજેક્ટ બેઝડ | પ્રોજેક્ટ બેઝડ | |
| ૬ | **ડાંગરમાં સહાયના ધોરણો- રાજ્યના પંચમહાલ, મહીસાગર, વડોદરા અને છોટા ઉદેપુર જીલ્લામાં લાભ આપી શકાશે** | | | |
| ૧ | **જુથ નિદર્શન** | | | |
| (a) | એસ.આર.આઈ ટેકનોલોજી આધારીત નિદર્શન | પ્રતિ હેક્ટરના પ્રત્યેક નિદર્શન માટે રૂ. ૯૦૦૦/-ખાતા દીઠ વધુમાં વધુ એક હેક્ટર | પરિશિષ્ટ-૧ની શરતો નં ૫, ૧૬, ૧૭ અને ૧૮ મુજબ | દર વર્ષે |
| (b) | Direct Seeded Rice (DSR) નિદર્શન | પ્રતિ હેક્ટરના પ્રત્યેક નિદર્શન માટે રૂ. ૯૦૦૦/-ખાતા દીઠ વધુમાં વધુ એક હેક્ટર | | |
| (c) | Line Transplanting નિદર્શન | પ્રતિ હેક્ટરના પ્રત્યેક નિદર્શન માટે રૂ. ૯૦૦૦/-ખાતા દીઠ વધુમાં વધુ એક હેક્ટર | | |
| (d) | હાઈબ્રીડ ચોખાની ટેકનોલોજીનું નિદર્શન | પ્રતિ હેક્ટરના પ્રત્યેક નિદર્શન માટે રૂ. ૯૦૦૦/-ખાતા દીઠ વધુમાં વધુ એક હેક્ટર | | |
| (e) | ક્રોપીંગ સીસ્ટમ બેઝડ નિદર્શન | પ્રતિ હેક્ટરના પ્રત્યેક નિદર્શન માટે રૂ. ૧૫૦૦૦/-ખાતા દીઠ વધુમાં વધુ એક હેક્ટર | | |
| ૨ | **બીજ વિતરણ (વધુ ઉત્પાદન આપતી જાતો)** | | | |
| (a) | સુધારેલી ચોખાની જાતોમાં પ્રમાણીત બીજ વિતરણ | બિયારણની કિંમતના ૫૦ % અથવા પ્રતિ કિવન્ટલ રૂ.૧૦૦૦૦/- બેમાંથી જે ઓછું હોય તે. ખાતા દીઠ વધુમાં વધુ બે હેક્ટર | પરિશિષ્ટ-૧ની શરતો નં ૫, ૧૬, ૧૭ અને ૧૮ મુજબ | દર વર્ષે |
| (b) | HYV પ્રમાણીત બીજ વિતરણ (૧૦ વર્ષ સુધીની નવી જાતો) | બિયારણની કિંમતના ૫૦ % અથવા પ્રતિ કિવન્ટલ રૂ.૨૦૦૦/- બેમાંથી જે ઓછું હોય તે. ખાતા દીઠ વધુમાં વધુ બે હેક્ટર | પરિશિષ્ટ-૧ની શરતો નં ૫, ૧૬, ૧૭ અને ૧૮ મુજબ | દર વર્ષે |
| (c) | HYV પ્રમાણીત બીજ વિતરણ (૧૦ વર્ષ કરતા વધુ જુની જાતો) | બિયારણની કિંમતના ૫૦ % અથવા પ્રતિ કિવન્ટલ રૂ.૧૦૦૦/- બેમાંથી જે ઓછું હોય તે. ખાતા દીઠ વધુમાં વધુ બે હેક્ટર | પરિશિષ્ટ-૧ની શરતો નં ૫, ૧૬, ૧૭ અને ૧૮ મુજબ | દર વર્ષે |

| | | | | |
|---|---|---|---|---|
| ૩ | જરૂરીયાત મુજબ છોડ/જમીનની માવજત | | | |
| (a) | સુક્ષ્મતત્વો | કિંમતના ૫૦ % અથવા રૂ ૫૦૦/-પ્રતિ હેક્ટર બેમાંથી જે ઓછું હોય તે. ખાતા દીઠ વધુમાં વધુ બે હેક્ટર | પરિશિષ્ટ-૧ની શરતો નં ૫, ૧૬, ૧૭ અને ૧૮ મુજબ | દર વર્ષે |
| (c) | પાક સંરક્ષણ દવા અને બાયો એજન્ટ | કિંમતના ૫૦ % અથવા રૂ ૫૦૦/- પ્રતિ હેક્ટર બેમાંથી જે ઓછું હોય તે. ખાતા દીઠ વધુમાં વધુ બે હેક્ટર | પરિશિષ્ટ-૧ની શરતો નં ૫, ૧૬, ૧૭ અને ૧૮ મુજબ | દર વર્ષે |
| (d) | નિંદામણ નાશક દવા | કિંમતના ૫૦ % અથવા રૂ ૫૦૦/- પ્રતિ હેક્ટર બેમાંથી જે ઓછું હોય તે. ખાતા દીઠ વધુમાં વધુ બે હેક્ટર | પરિશિષ્ટ-૧ની શરતો નં ૫, ૧૬, ૧૭ અને ૧૮ મુજબ | દર વર્ષે |
| ૪ | કુદરતી સ્રોતોનું સંરક્ષણ | | | |
| (a) | પાવર ઓપરેટેડ સ્પ્રેયર્સ (૧૬ લી. થી વધુ) | • જનરલ ખેડૂતો માટે કિંમતના ૪૦ % અથવા રૂ.૮૦૦૦/- (૧૬ લી. થી વધુ) બેમાંથી જે ઓછું હોય તે. ખાતા દીઠ વધુમાં વધુ એક નંગ<br>• SC/ST, નાના, સિમાંત અને મહિલા ખેડૂત લાભાર્થી માટે કિંમતના ૫૦ % અથવા રૂ. ૧૦૦૦૦/- (૧૬ લી. થી વધુ) બે માંથી જે ઓછુ હોય તે. ખાતા દીઠ વધુમાં વધુ એક નંગ | પરિશિષ્ટ-૧ની શરતો નં ૫, ૧૬, ૧૭ અને ૧૮ મુજબ | ૫ વર્ષમાં એક વખત |
| (b) | સીડ ડ્રીલ ટ્રેક્ટર સંચાલિત ૨૦ થી ૩૫ BHP સુધીના) | • જનરલ ખેડૂતો માટે કિંમતના ૪૦ % અથવા રૂ.૧૨,૦૦૦/- (ટ્રેક્ટર સંચાલિત ૨૦ થી ૩૫ BHP સુધીના) બેમાંથી જે ઓછું હોય તે. ખાતા દીઠ વધુમાં વધુ એક નંગ<br>• SC/ST, નાના, સિમાંત અને મહિલા ખેડૂત લાભાર્થી માટે કિંમતના ૫૦ % અથવા રૂ.૧૫,૦૦૦/- (ટ્રેક્ટર સંચાલિત ૨૦ થી ૩૫ BHP સુધીના) બેમાંથી જે ઓછું હોય તે. ખાતા દીઠ વધુમાં વધુ એક નંગ | પરિશિષ્ટ-૧ની શરતો નં ૫, ૧૬, ૧૭ અને ૧૮ મુજબ | ૫ વર્ષમાં એક વખત |
| (c) | સીડ ડ્રીલ ટ્રેક્ટર સંચાલિત | • જનરલ ખેડૂતો માટે કિંમતના ૪૦ % અથવા રૂ.૧૬,૦૦૦/- (ટ્રેક્ટર સંચાલિત ૩૫ BHP થી વધુ) | પરિશિષ્ટ-૧ની શરતો નં ૫, ૧૬, ૧૭ અને ૧૮ મુજબ | ૫ વર્ષમાં એક વખત |

| | | | | |
|---|---|---|---|---|
| | ૩૫ BHP થી વધુ) | બેમાંથી જે ઓછું હોય તે. ખાતા દીઠ વધુમાં વધુ એક નંગ<br>• SC/ST, નાના, સિમાંત અને મહિલા ખેડૂત લાભાર્થી માટે કિંમતના ૫૦ % અથવા રૂ.૨૦,૦૦૦/- (ટ્રેક્ટર સંચાલિત ૩૫ BHP થી વધુ) બેમાંથી જે ઓછું હોય તે. ખાતા દીઠ વધુમાં વધુ એક નંગ | | |
| (d) | રોટાવેટર (ટ્રેક્ટર સંચાલિત ૩૫ BHP થી વધુ ૭ ફુટ) | • જનરલ ખેડૂતો માટે કિંમતના ૪૦ % અથવા રૂ.૩૮,૧૦૦/- (ટ્રેક્ટર સંચાલિત ૩૫ BHP થી વધુ ૭ ફુટ) બેમાંથી જે ઓછું હોય તે. ખાતા દીઠ વધુમાં વધુ એક નંગ<br>• SC/ST, નાના, સિમાંત અને મહિલા ખેડૂત લાભાર્થી માટે કિંમતના ૫૦ % અથવા રૂ.૪૭,૬૦૦/- (ટ્રેક્ટર સંચાલિત ૩૫ BHP થી વધુ ૭ ફુટ) બેમાંથી જે ઓછું હોય તે. ખાતા દીઠ વધુમાં વધુ એક નંગ | પરિશિષ્ટ-૧ની શરતો નં ૫, ૧૬, ૧૭ અને ૧૮ મુજબ | ૧૦ વર્ષમાં એક વખત |
| (e) | પેડી થ્રેશર/મલ્ટી ક્રોપ થ્રેશર (ટ્રેક્ટર સંચાલિત ૩૫ BHP થી વધુ) | • જનરલ ખેડૂતો માટે કિંમતના ૪૦ % અથવા રૂ.૮૦,૦૦૦/- (ટ્રેક્ટર સંચાલિત ૩૫ BHP થી વધુ) બેમાંથી જે ઓછું હોય તે. ખાતા દીઠ વધુમાં વધુ એક નંગ<br>• SC/ST, નાના, સિમાંત અને મહિલા ખેડૂત લાભાર્થી માટે કિંમતના ૫૦ % અથવા રૂ.૧,૦૦,૦૦૦/- (ટ્રેક્ટર સંચાલિત ૩૫ BHP થી વધુ) બેમાંથી જે ઓછું હોય તે. ખાતા દીઠ વધુમાં વધુ એક નંગ | પરિશિષ્ટ-૧ની શરતો નં ૫, ૧૬, ૧૭ અને ૧૮ મુજબ | ૧૦ વર્ષમાં એક વખત |
| (f) | સેલ્ફ પ્રોપેલ્ડ પેડી ટ્રાન્સ પ્લાન્ટર (૪ હાર) | • જનરલ ખેડૂતો માટે કિંમતના ૪૦ % અથવા રૂ.૧,૨૦,૦૦૦/- બેમાંથી જે ઓછું હોય તે. ખાતા દીઠ વધુમાં વધુ એક નંગ | પરિશિષ્ટ-૧ની શરતો નં ૫, ૧૬, ૧૭ અને ૧૮ મુજબ | ૧૦ વર્ષમાં એક વખત |
| ૫ | પાણીનો કાર્યક્ષમ ઉપયોગ | | | |

| | | | | |
|---|---|---|---|---|
| (a) | પંપસેટ | કિંમતના ૫૦ % અથવા રૂ.૧૦૦૦૦/- બેમાંથી જે ઓછું હોય તે. ખાતા દીઠ વધુમાં વધુ એક નંગ | પરિશિષ્ટ-૧ની શરતો નં ૫, ૧૬, ૧૭ અને ૧૮ મુજબ | ૫ વર્ષમાં એક વખત |
| (b) | વોટર કેરીંગ પાઈપ લાઈન (ખુલ્લી પાઇપલાઇન) | કિંમતના ૫૦ % અથવા રૂ.૧૫૦૦૦/- પ્રતિ લાભાર્થી બેમાંથી જે ઓછું હોય તે, HDPE પાઇપ માટે રૂ. ૫૦/- પ્રતિ મીટર, PVC પાઇપ માટે રૂ. ૩૫/- પ્રતિ મીટર અને HDPE Laminated Woven lay flat Tubes માટે રૂ. ૨૦/- પ્રતિ મીટર પ્રતિ લાભાર્થી. | પરિશિષ્ટ-૧ની શરતો નં ૫, ૧૬, ૧૭ અને ૧૮ મુજબ | ૫ વર્ષમાં એક વખત |
| ૬ | ક્રોપિંગ સીસ્ટમ બેઝ્ડ તાલીમ | રૂ. ૩૫૦૦/સેશન, પ્રત્યેક તાલીમ માટે રૂ.૧૪૦૦૦/- | જિલ્લા ખેતીવાડી અધિકારી/તાલુકા અમલીકરણ અધિકારી દ્વારા | દર વર્ષે |
| ૭ | લોકલ ઈનીશીયેટીવ્સ (સ્પષ્ટ એક્ટીવીટી) | પ્રોજેક્ટ બેઝ્ડ | પ્રોજેક્ટ બેઝ્ડ | પ્રોજેક્ટ બેઝ્ડ |
| ૮ | અન્ય ઈનીશીયેટીવ્સ | | | |
| (a) | ડેમોસ્ટ્રેશન (NGO) | રૂ. ૯૦૦૦/- પ્રતિ હેક્ટરની મર્યાદામાં | પ્રોજેક્ટ બેઝ્ડ | પ્રોજેક્ટ બેઝ્ડ |
| (b) | કસ્ટમ હાઈરીંગ | રૂ. ૧૫૦૦/ પ્રતિ હેક્ટરની મર્યાદામાં | વ્યક્તિગત | |
| (c) | સ્પેસ્યુયાલાઇઝ્ડ પ્રોજેક્ટ | પ્રોજેક્ટ બેઝ્ડ | પ્રોજેક્ટ બેઝ્ડ | |
| ૯ | બરછટ ધાન્ય- <u>મકાઇ પાક માટે</u> (અમલીકરણ હેઠળના જિલ્લાઓ- દાહોદ, પંચમહાલ, મહિસાગર અને છોટા ઉદેપુર) | | | |
| ૧ | ડેમોસ્ટ્રેશન ઓન ઇમ્પ્રુવ્ડ પેકેજ ઓફ પ્રેક્ટાઈસીસ | એક હેક્ટરનાં નિદર્શન માટે રૂ.૬૦૦૦/- ની મર્યાદામાં. ખાતા દીઠ વધુમાં વધુ એક હેક્ટર | પરિશિષ્ટ-૧ની શરતો નં ૫, ૧૬, ૧૭ અને ૧૮ મુજબ | દર વર્ષે |
| ૨ | પ્રમાણીત બીજ વિતરણ | | | |
| અ | પ્રમાણીત બીજ વિતરણ (વધુ ઉત્પાદન આપતી જાતો) | | | |
| (i) | (૧૦ વર્ષ સુધીની નવી જાતો) | કિંમતના ૫૦ % અથવા રૂ.૩૦૦૦/- પ્રતિ કિવન્ટલ બેમાંથી જે ઓછું હોય તે. ખાતા દીઠ વધુમાં વધુ બે હેક્ટર | પરિશિષ્ટ-૧ની શરતો નં ૫, ૧૬, ૧૭ અને ૧૮ મુજબ | દર વર્ષે |

| | | | | |
|---|---|---|---|---|
| (ii) | (૧૦ વર્ષ કરતા જુની જાતો) | કિંમતના ૫૦ % અથવા રૂ.૧૫૦૦/-પ્રતિ કિવન્ટલ બેમાંથી જે ઓછું હોય તે. ખાતા દીઠ વધુમાં વધુ બે હેક્ટર | પરિશિષ્ટ-૧ની શરતો નં ૫, ૧૬, ૧૭ અને ૧૮ મુજબ | દર વર્ષે |
| બ | પ્રમાણીત બીજ વિતરણ (હાઈબ્રીડ જાતો) | કિંમતના ૫૦ % અથવા રૂ.૧૦૦૦૦/-પ્રતિ કિવન્ટલ બેમાંથી જે ઓછું હોય તે. ખાતા દીઠ વધુમાં વધુ બે હેક્ટર | પરિશિષ્ટ-૧ની શરતો નં ૫, ૧૬, ૧૭ અને ૧૮ મુજબ | દર વર્ષે |
| ઇ | **ન્યુટ્રી સીરીયલ- <u>જુવાર, બાજરી અને રાગી પાક માટે</u>**<br>**અમલીકરણ હેઠળના જિલ્લાઓ-**<br>૧. જુવાર- બનાસકાંઠા, ભરૂચ, સુરત, તાપી<br>૨. બાજરા- અમદાવાદ, આણંદ, બનાસકાંઠા, ભાવનગર, ગાંધીનગર, જુનાગઢ, ખેડા, કચ્છ, મહેસાણા, પંચમહાલ, પાટણ, સાબરકાંઠા, સુરેન્દ્રનગર,વડોદરા, ગીર સોમનાથ, અરવલ્લી અને મહીસાગર<br>૩. રાગી- ડાંગ અને વલસાડ | | | |
| ૧ | ક્લસ્ટર ડેમોસ્ટ્રેશન | એક હેક્ટર નાં નિદર્શન માટે રૂ.૬૦૦૦/- ની મર્યાદામાં. ખાતા દીઠ વધુમાં વધુ એક હેક્ટર | પરિશિષ્ટ-૧ની શરતો નં ૫, ૧૬, ૧૭ અને ૧૮ મુજબ | દર વર્ષે |
| ૨ | **પ્રમાણીત બીજ વિતરણ** | | | |
| (a) | પ્રમાણીત બીજ વિતરણ (હાઈબ્રીડ જાતો) | કિંમતના ૫૦ % અથવા રૂ.૧૦૦૦૦/-પ્રતિ કિવન્ટલ બેમાંથી જે ઓછું હોય તે. ખાતા દીઠ વધુમાં વધુ બે હેક્ટર | પરિશિષ્ટ-૧ની શરતો નં ૫, ૧૬, ૧૭ અને ૧૮ મુજબ | દર વર્ષે |
| (b) | **બીજ વિતરણ (વધુ ઉત્પાદન આપતી જાતો)** | | | |
| (i) | (૧૦ વર્ષ સુધીની નવી જાતો) | કિંમતના ૫૦ % અથવા રૂ.3000/-પ્રતિ કિવન્ટલ બેમાંથી જે ઓછું હોય તે. ખાતા દીઠ વધુમાં વધુ બે હેક્ટર | પરિશિષ્ટ-૧ની શરતો નં ૫, ૧૬, ૧૭ અને ૧૮ મુજબ | દર વર્ષે |
| (ii) | (૧૦ વર્ષ કરતા જુની જાતો) | કિંમતના ૫૦ % અથવા રૂ.૧૫૦૦/-પ્રતિ કિવન્ટલ બેમાંથી જે ઓછું હોય તે. ખાતા દીઠ વધુમાં વધુ બે હેક્ટર | પરિશિષ્ટ-૧ની શરતો નં ૫, ૧૬, ૧૭ અને ૧૮ મુજબ | દર વર્ષે |
| 3 | **પ્રમાણીત બીજ ઉત્પાદન (વધુ ઉત્પાદન આપતી જાતો)** | | | |
| 3 | પ્રમાણીત બીજ ઉત્પાદન (૧૦ વર્ષ સુધીની નવી જાતો) | રૂ.3000/-પ્રતિ કિવન્ટલ. ખાતા દીઠ વધુમાં વધુ બે હેક્ટર | પરિશિષ્ટ-૧ની શરતો નં ૫, ૧૬, ૧૭ અને ૧૮ મુજબ<br>પરિશિષ્ટ-૧ની શરત નં ૨૦ મુજબ | દર વર્ષે |
| ૪ | જરૂરીયાત મુજબ છોડ/ જમીનની માવજત | | | |

| | | | | |
|---|---|---|---|---|
| (a) | સુક્ષ્મતત્વો | કિંમતના ૫૦ % અથવા રૂ.૫૦૦/- પ્રતિ હેકટર બેમાંથી જે ઓછું હોય તે. ખાતા દીઠ વધુમાં વધુ બે હેક્ટર | પરિશિષ્ટ-૧ની શરતો નં ૫, ૧૬, ૧૭ અને ૧૮ મુજબ | દર વર્ષે |
| (b) | જૈવિક ખાતર | કિંમતના ૫૦ % અથવા રૂ.૩૦૦/- પ્રતિ હેકટર બેમાંથી જે ઓછું હોય તે.ખાતા દીઠ વધુમાં વધુ બે હેક્ટર | પરિશિષ્ટ-૧ની શરતો નં ૫, ૧૬, ૧૭ અને ૧૮ મુજબ | દર વર્ષે |
| (c ) | પાક સંરક્ષણ દવા અને બાયો એજન્ટ | કિંમતના ૫૦ % અથવારૂ ૫૦૦/- પ્રતિ હેકટર બેમાંથી જે ઓછું હોય તે. ખાતા દીઠ વધુમાં વધુ બે હેક્ટર | પરિશિષ્ટ-૧ની શરતો નં ૫, ૧૬, ૧૭ અને ૧૮ મુજબ | દર વર્ષે |
| (d) | નિંદામણ નાશક દવા | કિંમતના ૫૦ % અથવા રૂ ૫૦૦/- પ્રતિ હેકટર બેમાંથી જે ઓછું હોય તે.ખાતા દીઠ વધુમાં વધુ બે હેક્ટર | પરિશિષ્ટ-૧ની શરતો નં ૫, ૧૬, ૧૭ અને ૧૮ મુજબ | દર વર્ષે |
| ૫ | કુદરતી સ્ત્રોતોનું સંરક્ષણ | | | |
| (a) | સ્પ્રીંકલર સેટ | PMKSY યોજનાના સહાયના ધોરણો મુજબ (રૂ. ૧૯૫૪૨/- થી રૂ. ૨૧૯૦૧/-પ્રતિ હેકટર પાઇપના ડાયામીટર મુજબ) ખાતા દીઠ વધુમાં વધુ એક હેક્ટર | G.G.R.C. મારફતે અમલ થશે પરિશિષ્ટ-૧ની શરત નં. ૧૯ મુજબ | ૧૦ વર્ષમાં એક વખત |
| ૬ | ક્રોપિંગ સીસ્ટમ બેઝડ તાલીમ | રૂ. ૩૫૦૦/સેશન, પ્રત્યેક તાલીમ માટે રૂ.૧૪૦૦૦/- (પ્રત્યેક તાલીમ દીઠ ૪ સેશન) | જિલ્લા ખેતીવાડી અધિકારી/તાલુકા અમલીકરણ અધિકારી દ્વારા | દર વર્ષે |
| ૭ | લોકલ ઈનીશીયેટીવ્સ | | | |
| (a) | ખેત સામગ્રીનાં સંગ્રહ માટે પોસ્ટ હાર્વેસ્ટ સ્ટોરેજ યુનિટ | માળખાકીય ખર્ચનાં ૫૦ % અથવા રૂ.૧,૫૦,૦૦૦/- પ્રતિ યુનિટની મર્યાદામાં, બે માંથી જે ઓછુ હોય તે. | ૧. સ્ટોરેજ યુનિટનો લાભ મેળવવા માટે લાભાર્થીએ ikhedut પોર્ટલ પર ઓનલાઇન અરજી કરવાની રહેશે.<br>૨. ખેતીવાડી ખાતા તરફથી મંજુરી મળ્યેથી લાભાર્થીએ પોતાની સ્વ માલીકીની સર્વે નંબરવાળી જમીનમાં યુનિટ બનાવવાનું રહેશે તથા સ્ટોરેજ યુનિટ બાંધકામની કામગીરી ૧૮૦ દિવસમાં પુર્ણ કરવાની રહેશે. લાબાગાળાનો પ્રોજેક્ટ હોય જો નાણાકીય વર્ષ બદલાતું હોયતો ચાલુ નાણાંકીય વર્ષ પછીના નાણાંકીય વર્ષમાં ચુકવણુ કરવાનું રહેશે. | આજીવન એક વખત |

| | | | | |
|---|---|---|---|---|
| | | | ૩. પોસ્ટ હાર્વેસ્ટ સ્ટોરેજ યુનિટ MIDH ની ગાઇડલાઇન મુજબ ઓછામાં ઓછુ ૯ મીટર (લંબાઇ) X ૬ મીટર (પહોળાઇ)<br>૪. લાભાર્થી દ્વારા તૈયાર કરવામાં આવેલ પોસ્ટ હાર્વેસ્ટ સ્ટોરેજ યુનિટ વિભાગીય સંયુક્ત ખેતી નિયામકશ્રી (વિ.), જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી હસ્તકની કચેરીના મ.ખે.નિ.શ્રી તથા નાયબ બાગાયત નિયામકશ્રી દ્વારા ખર્ચ તથા બાંધકામ અંગેનું સ્થળ વેરીફીકેશન કરી યુનિટ પ્રમાણીત કરવાનું રહેશે. ત્યારબાદ સબંધિતને સહાયની રકમ સીધીજ બેંક એકાઉન્ટમાં જમા કરાવવાની રહેશે.<br>• ઉક્ત કમીટીમાં જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી ફરજિયાત રહેશે તથા કમીટીનુ કોરમ ઓછામાં ઓછુ ૩ (ત્રણ) સભ્યનું રહેશે | |
| ૮ | ઇવેન્ટસ અને વર્કશોપ | | | |
| (અ) | સ્ટેટ લેવલ વર્કશોપ | રૂ. ૪.૦૦ લાખ પ્રતિ વર્કશોપ | -- | -- |
| (બ) | ડિસ્ટ્રીક લેવલ ફેસ્ટીવલ | રૂ. ૪.૦૦ લાખ પ્રતિ ફેસ્ટીવલ | -- | -- |
| (ક) | ક્રિએશન ઓફ અવેરનેસ | પ્રોજેક્ટ બેઝડ | પ્રોજેક્ટ બેઝડ | પ્રોજેક્ટ બેઝડ |
| (ડ) | પબ્લીસીટી | પ્રોજેક્ટ બેઝડ | પ્રોજેક્ટ બેઝડ | પ્રોજેક્ટ બેઝડ |
| ઈ | "Additional Area Coverage for increasing Pulses Production during Rabi/Summer": રવિ/ઉનાળુ ઋતુમાં કઠોળ પાક ઉગાડતા તમામ રાજ્યના તમામ જીલ્લાઓને લાભ આપી શકાશે | | | |
| | ડેમોસ્ટ્રેશન ઓન ઇમ્પ્રુવ્ડ ટેકનોલોજી | | | |
| (a) | ક્લસ્ટર ડેમોસ્ટ્રેશન (૧૦૦ હેક્ટર) | રૂ. ૯૦૦૦/- પ્રતિ હેક્ટર – ખાતા દીઠ વધુમાં વધુ એક હેક્ટર | પરિશિષ્ટ-૧ની શરતો નં ૫, ૧૬, ૧૭ અને ૧૮ મુજબ | ૬૨ વર્ષે |
| ૨ | પ્રમાણીત બીજ વિતરણ (વધુ ઉત્પાદન આપતી જાતો) | | | |
| (a) | ૧૦ વર્ષ સુધીની નવી જાતો | કિંમતના ૫૦ % અથવા રૂ. ૫૦૦૦/- પ્રતિ ક્વિન્ટલ બેમાથી જે ઓછુ હોય તે | પરિશિષ્ટ-૧ની શરતો નં ૫, ૧૬, ૧૭ અને ૧૮ મુજબ | ૬૨ વર્ષે |

| | | | | |
|---|---|---|---|---|
| (b) | ૧૦ વર્ષ કરતા વધુ જુની જાતો | ખાત્તા દીઠ વધુમાં વધુ બે હેક્ટર<br><br>કિંમતના ૫૦ % અથવા રૂ. ૨૫૦૦/- પ્રતિ ક્વિન્ટલ બેમાંથી જે ઓછું હોય તે ખાતા દીઠ વધુમાં વધુ બે હેક્ટર | પરિશિષ્ટ-૧ની શરતો નં ૫, ૧૬, ૧૭ અને ૧૮ મુજબ | દર વર્ષે |
| ૩ | સંકલિત ખાતર વ્યવસ્થા | | | |
| a) | સુક્ષ્મતત્વ | કિંમતના ૫૦ % અથવા રૂ.૫૦૦/- પ્રતિ હેકટર બે માંથી જે ઓછું હોય તે. ખાતા દીઠ વધુમાં વધુ બે હેક્ટર | પરિશિષ્ટ-૧ની શરતો નં ૫, ૧૬, ૧૭ અને ૧૮ મુજબ | દર વર્ષે |
| (b) | જીપ્સમ/ બેન્ટોનાઇટ સલ્ફર | જીપ્સમની કિંમતના ૫૦ % અથવા રૂ.૭૫૦/-પ્રતિ કિવન્ટલ અથવા બેન્ટોનાઇટ સલ્ફરની કિંમતના ૫૦ % અથવા રૂ.૭૫૦/-પ્રતિ હેક્ટર બેમાંથી જે ઓછું હોય તે. ખાતા દીઠ વધુમાં વધુ બે હેક્ટર | ગુજરાત સ્ટેટ ફર્ટીલાઈઝર એન્ડ કેમીકલસ લી., વડોદરા તેમજ હિન્દાલકો, ભરૂચ કંપનીનાં અધિકૃત વિક્રેતા મારફતે વિતરણ કરાવવાનું રહેશે. | દર વર્ષે |
| (c) | જૈવિક ખાતર | કિંમતના ૫૦ % અથવા રૂ.૩૦૦/- પ્રતિ હેકટર બેમાંથી જે ઓછું હોય તે. ખાતા દીઠ વધુમાં વધુ બે હેક્ટર | પરિશિષ્ટ-૧ની શરતો નં ૫, ૧૬, ૧૭ અને ૧૮ મુજબ | દર વર્ષે |
| ૪ | સંકલીત જીવાત નિયંત્રણ વ્યવસ્થા | | | |
| (a) | પાક સંરક્ષણ દવા | કિંમતના ૫૦ % અથવા રૂ.૫૦૦/- પ્રતિ હેકટર બેમાંથી જે ઓછું હોય તે. ખાતા દીઠ વધુમાં વધુ બે હેક્ટર | પરિશિષ્ટ-૧ની શરતો નં ૫, ૧૬, ૧૭ અને ૧૮ મુજબ | દર વર્ષે |
| (b) | નિંદામણ નાશક દવા | કિંમતના ૫૦ % અથવા રૂ.૫૦૦/- પ્રતિ હેકટર બેમાંથી જે ઓછું હોય તે. ખાતા દીઠ વધુમાં વધુ બે હેક્ટર | | |
| ૫ | કુદરતી સ્રોતોનું સંરક્ષણ | | | |

| | | | | |
|---|---|---|---|---|
| (a) | સીડ ડ્રીલ ટ્રેક્ટર સંચાલિત ૨૦ થી ૩૫ BHP સુધીના) | • જનરલ ખેડૂતો માટે કિંમતના ૪૦ % અથવા રૂ.૧૨,૦૦૦/- (ટ્રેક્ટર સંચાલિત ૨૦ થી ૩૫ BHP સુધીના) બેમાંથી જે ઓછું હોય તે. ખાતા દીઠ વધુમાં વધુ એક નંગ • SC/ST, નાના, સિમાંત અને મહિલા ખેડૂત લાભાર્થી માટે કિંમતના ૫૦ % અથવા રૂ.૧૫,૦૦૦/- (ટ્રેક્ટર સંચાલિત ૨૦ થી ૩૫ BHP સુધીના) બેમાંથી જે ઓછું હોય તે. ખાતા દીઠ વધુમાં વધુ એક નંગ | પરિશિષ્ટ-૧ની શરતો નં ૫, ૧૬, ૧૭ અને ૧૮ મુજબ | ૫ વર્ષમાં એક વખત |
| (b) | સીડ ડ્રીલ ટ્રેક્ટર સંચાલિત ૩૫ BHP થી વધુ) | • જનરલ ખેડૂતો માટે કિંમતના ૪૦ % અથવા રૂ.૧૬,૦૦૦/- (ટ્રેક્ટર સંચાલિત ૩૫ BHP થી વધુ) બેમાંથી જે ઓછું હોય તે. ખાતા દીઠ વધુમાં વધુ એક નંગ • SC/ST, નાના, સિમાંત અને મહિલા ખેડૂત લાભાર્થી માટે કિંમતના ૫૦ % અથવા રૂ.૨૦,૦૦૦/- (ટ્રેક્ટર સંચાલિત ૩૫ BHP થી વધુ) બેમાંથી જે ઓછું હોય તે. ખાતા દીઠ વધુમાં વધુ એક નંગ | પરિશિષ્ટ-૧ની શરતો નં ૫, ૧૬, ૧૭ અને ૧૮ મુજબ | ૫ વર્ષમાં એક વખત |
| ૬ | **પાણીનો કાર્યક્ષમ ઉપયોગ** | | | |
| (a) | સ્પ્રીંકલર સેટ | PMKSY યોજનાના સહાયના ધોરણો મુજબ (રૂ. ૧૯૫૪૨/- થી રૂ. ૨૧૯૦૧/-પ્રતિ હેક્ટર પાઇપના ડાયામીટર મુજબ) ખાતા દીઠ વધુમાં વધુ એક હેક્ટર | G.G.R.C. મારફતે અમલ થશે પરિશિષ્ટ-૧ની શરત નં. ૧૯ મુજબ | ૧૦ વર્ષમાં એક વખત |
| (b) | પંપસેટ | કિંમતના ૫૦ % અથવા રૂ.૧૦૦૦૦/- બેમાંથી જે ઓછું હોય તે. ખાતા દીઠ વધુમાં વધુ એક નંગ | પરિશિષ્ટ-૧ની શરતો નં ૫, ૧૬, ૧૭ અને ૧૮ મુજબ | ૫ વર્ષમાં એક વખત |
| ૭ | **એનએફએસએમ- શેરડી (અમલીકરણ: તમામ શેરડી પકવતા જિલ્લાઓ)** | | | |
| ૧ | નિદર્શન (આંતરપાક પધ્ધતિ અને સીંગલ બડ ચીપ ટેકનોલોજી) | રૂા. ૯૦૦૦/હેક્ટર ની મર્યાદામાં. (રૂા. ૮૦૦૦/હેક્ટર ઈનપુટ માટે અને રૂા. ૧૦૦૦/હેક્ટર કન્ટીજન્સી માટે). ખાતા દીઠ વધુમાં વધુ એક હેક્ટર | પરિશિષ્ટ-૧ની શરતો નં ૫, ૧૬, ૧૭ અને ૧૮ મુજબ | દર વર્ષે |

| | | | | |
|---|---|---|---|---|
| ૨ | ટીસ્યુ કલ્ચર રોપાનુ ઉત્પાદન | રૂા. ૩.૫ પ્રતિ રોપ | જિલ્લાની સંલગ્ન સુગર કો- ઓપરેટીવ ફેક્ટરી દ્વારા | દર વર્ષે |
| ૩ | પાક સંરક્ષણ દવા અને બાયો એજન્ટ | કિંમતના ૫૦ % અથવા રૂ.૫૦૦/-પ્રતિ હેક્ટર બેમાંથી જે ઓછું હોય તે. ખાતા દીઠ વધુમાં વધુ બે હેક્ટર | પરિશિષ્ટ-૧ની શરતો નં ૫, ૧૬, ૧૭ અને ૧૮ મુજબ | દર વર્ષે |
| ૪ | રાજ્ય કક્ષાની તાલીમ | રૂા ૪૦૦૦૦/તાલીમ | સંયુક્ત ખેતી નિયામક (વિસ્તરણ) ની કચેરી/જિલ્લા ખેતી અધીકારી /તાલુકા અમલીકરણ અધીકારી દ્વારા | દર વર્ષે |

**NFSM COMMERCIAL CROP - COTTON**

**કપાસ ઉગાડતા તમામ જિલ્લાઓમાં ડાંગ, નવસારી અને વલસાડ સિવાય**

| અ. નં | ઘટકનું નામ | સહાયનુ ધોરણ | રિમાર્કસ | ઘટકના પુન: લાભ મેળવવાની સમય- મર્યાદા |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | FLD on Integrated crop management (ICM) | રૂા. ૩૨૦૦/એકર ની મર્યાદામાં. (રૂા. ૨૮૦૦/ એકર ઈનપુટ માટે અને રૂા. ૪૦૦/ એકર કન્ટીજન્સી માટે). ખાતા દીઠ વધુમાં વધુ એક એકર | પરિશિષ્ટ-૧ની શરતો નં ૫, ૧૬, ૧૭ અને ૧૮ મુજબ | દર વર્ષે |
| ૨ | FLD on Desi / ELS Cotton for seed production | રૂા.૩૬૦૦/એકર ની મર્યાદામાં. (રૂા. ૩૨૦૦/ એકર ઈનપુટ માટે અને રૂા. ૪૦૦/ એકર કન્ટીજન્સી માટે). ખાતા દીઠ વધુમાં વધુ એક એકર | પરિશિષ્ટ-૧ની શરતો નં ૫, ૧૬, ૧૭ અને ૧૮ મુજબ | દર વર્ષે |
| ૩ | FLD on inter cropping | રૂા. ૩૨૦૦/એકર ની મર્યાદામાં. (રૂા. ૨૮૦૦/ એકર ઈનપુટ માટે અને રૂા. ૪૦૦/ એકર કન્ટીજન્સી માટે). ખાતા દીઠ વધુમાં વધુ એક એકર | પરિશિષ્ટ-૧ની શરતો નં ૫, ૧૬, ૧૭ અને ૧૮ મુજબ | દર વર્ષે |
| ૪ | FLD on High Density Plantation System | રૂા. ૪૦૦૦/એકર ની મર્યાદામાં. (રૂા. ૩૬૦૦/ એકર ઈનપુટ માટે અને રૂા. ૪૦૦/ એકર કન્ટીજન્સી માટે). ખાતા દીઠ | પરિશિષ્ટ ૧ની શરતો ન ૫, ૧૬, ૧૭ અને ૧૮ મુજબ | દર વર્ષે |

| | | | | |
|---|---|---|---|---|
| | | વધુમાં વધુ એક એકર | | |
| ૫ | પાક સંરક્ષણ | | | |
| (a) | પાક સંરક્ષણ દવા અને બાયો એજન્ટ | કિંમતના ૫૦ % અથવારૂ ૫૦૦/-પ્રતિ હેકટર બેમાંથી જે ઓછું હોય તે. ખાતા દીઠ વધુમાં વધુ બે હેક્ટર | પરિશિષ્ટ-૧ની શરતો નં ૫, ૧૬, ૧૭ અને ૧૮ મુજબ | દર વર્ષે |
| (b) | નિંદામણ નાશક દવા | કિંમતના ૫૦ % અથવા રૂ ૫૦૦/-પ્રતિ હેક્ટર બેમાંથી જે ઓછું હોય તે.ખાતા દીઠ વધુમાં વધુ બે હેક્ટર | પરિશિષ્ટ-૧ની શરતો નં ૫, ૧૬, ૧૭ અને ૧૮ મુજબ | દર વર્ષે |
| ૬ | રાજ્ય કક્ષાની તાલીમ | રૂ ૪૦૦૦૦/તાલીમ | સંયુક્ત ખેતી નિયામક (વિસ્તરણ) ની કચેરી/જિલ્લા ખેતી અધીકારી /તાલુકા અમલીકરણ અધીકારી દ્વારા | દર વર્ષે |
| ૭ | લોકલ ઇનીશીયેટીવ | પ્રોજેક્ટ બેઝડ | પ્રોજેક્ટ બેઝડ | પ્રોજેક્ટ બેઝડ |

**"New Sub scheme of NFSM on promotion of intercropping of pulses with sugarcane"**

**(સુરત, ભરૂચ, તાપી, નવસારી, વલસાડ, નર્મદા, ગીર સોમનાથ અને વડોદરા જીલ્લાઓને લાભ આપી શકાશે)**

| અ.નં | ઘટકનું નામ | સહાયનુ ધોરણ | રિમાર્કસ | ઘટકના પુન: લાભ મેળવવાની સમય- મર્યાદા |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | Demonstration on intercropping of pulses with sugarcane | રૂ. ૯૦૦૦/- પ્રતિ હેક્ટર – ખાતા દીઠ વધુમાં વધુ એક હેક્ટર | પરિશિષ્ટ-૧ની શરતો નં ૫, ૧૬, ૧૭ અને ૧૮ મુજબ | દર વર્ષે |
| ૨ | Distribution of Certified seeds of Pulses | રૂ. ૫૦૦૦/- પ્રતિ ક્વિન્ટલ ખાતા દીઠ વધુમાં વધુ બે હેક્ટર | પરિશિષ્ટ-૧ની શરતો નં ૫, ૧૬, ૧૭ અને ૧૮ મુજબ | દર વર્ષે |
| ૩ | પાક સંરક્ષણ દવા અને બાયો એજન્ટ | કિંમતના ૫૦ % અથવા રૂ.૫૦૦/-પ્રતિ હેકટર બેમાંથી જે ઓછું હોય તે. ખાતા દીઠ વધુમા વધુ બે હેક્ટર | પરિશિષ્ટ-૧ની શરતો નં ૫, ૧૬, ૧૭ અને ૧૮ મુજબ | દર વર્ષે |
| ૫ | Distribution of Bio-fertilizers | કિંમતના ૫૦ % અથવા રૂ 300 /-પ્રતિ હેક્ટર | પરિશિષ્ટ-૧ની શરતો નં ૫, ૧૬, ૧૭ અને ૧૮ મુજબ | દર વર્ષે |

| | | | | |
|---|---|---|---|---|
| | | બેમાંથી જે ઓછું હોય તે. ખાતા દીઠ વધુમાં વધુ બે હેક્ટર | | |
| ૬ | State level training | રૂ ૪૦૦૦૦/તાલીમ | સંયુક્ત ખેતી નિયામક (વિસ્તરણ) ની કચેરી/જિલ્લા ખેતી અધીકારી /તાલુકા અમલીકરણ અધીકારી દ્વારા | દર વર્ષે |

## પરિશિષ્ટ-૩ ભાગ-૧ (અરજીનો નમુનો)

અરજદારનું નામઃ-

ગામઃ-

તારીખઃ-

પ્રતિ,
તાલુકા અમલીકરણ અધિકારી,
તાલુકા પંચાયત, ________________, જિલ્લો-____________

**વિષયઃ- સહાય યોજનામાં ________________(ઘટકનું નામ) મેળવવા મંજુરી આપવા બાબત.**

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે હું નીચે સહી કરનાર શ્રી ________________ (જમીન ખાતામાં નામઃ ........................................) ગામઃ____________તાલુકો-__________ જિલ્લો-_________નો રહેવાસી અને અનુ. જાતી/અનુ. જનજાતી/અન્ય જાતીનો સિમાંત/નાનો/મોટો, સ્ત્રી/પુરુષ ખેડૂત છું. હું દિવ્યાંગ ખેડૂત છું/નથી. હું ખાતા નંબર___________ થી હે.___________આર________________જમીન ધરાવું છું તેમજ___________________બેંકની.................................શાખામાં ખાતાનંબર ________________ ધરાવું છુ. મારો મોબાઇલ નં છે. મારો આધાર નંબર ........................................................ છે, અરજી હેઠળના ઘટક માટે યોજનાકીય સહાય મેળવવાના હેતુસર મારા આધાર નંબરનો ઉપયોગ કરવા હું સંમતી આપું છુ. મે સમાન હેતુનાં ............................ ઘટક માટે આ યોજના કે સરકારશ્રીની કોઇપણ અન્ય યોજના હેઠળ અગાઉ નિયત કરેલ સમયમર્યાદામાં સહાય લીધેલ નથી તે અંગેની હું ખાત્રી આપુ છું. ઉપરોક્ત આપેલ તમામ વિગતો સાચી છે. જો અમારા દ્વારા અપાયેલ વિગત ખોટી જણાયેથી સહાયની રકમ સરકારશ્રીમાં ભરપાઈ કરવા અમે બાહેંધરી આપીએ છીએ. અમોને ઉપરોકત વિગતવાળા ઘટકની ખરીદ કરવાની મંજુરી આપવા નમ્ર વિનંતિ છે.

ખેડૂતની સહી/અંગુઠો

સામેલઃ
(૧) ૮-અ ની નકલ
(૨) બેંક પાસબુકની નકલ અને રદ કરેલ ચેક
(૩) આધારકાર્ડની નકલ

## ભાગ-૨ (ગ્રામસેવકનું પ્રમાણપત્ર)

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી/શ્રીમતી ______________________ (જમીન ખાતામાં નામ:.........................................................)

ગામ:______________________તાલુકો______________________જિલ્લો-

__________ના સિમાંત/નાનો/મોટો, સ્ત્રી/પુરૂષ ખેડૂત ખાતેદાર છે. તેઓ દિવ્યાંગ ખેડૂત છે/નથી. તેમના ખાતા નંબર.................થી____________ હે. આર. જમીન ધરાવે છે. તેમણે સમાન ઘટક માટે આ યોજના કે સરકારશ્રીની કોઇપણ અન્ય યોજના હેઠળ અગાઉ નિયત કરેલ સમયમર્યાદામાં સહાય લીધેલ નથી/છે. તેઓ NFSM (          ) યોજનામાં સહાય મેળવવા____________ ઘટક માટે પાત્રતા ધરાવે છે/ધરાવતા નથી

સ્થળ:-

તા: / /

ગ્રામસેવક

સેજો:-________તાલુકો_________જિ. ______

## ભાગ-૩ (પુર્વ- મંજુરીનો હુકમ) (ઓફીસ કોપી)

લાભાર્થીનું નામ:-.....................
અને સરનામુ

કચેરીનું નામ અને સરનામુ:

આથી શ્રી/શ્રીમતી ________________________ ખાતા નંબર જમીનનો વિસ્તાર ____________ હે. ગામ:____________તાલુકો-_________ જિલ્લો-__________ ની NFSM (          ) યોજનામાં _______ ઘટક સહાયથી ખરીદવાની માંગણી મુજબની અરજી સબબ તમામ વિગતો ચકાસવામાં આવી છે અને તેઓ અનુ. જાતી/અનુ. જનજાતી/અન્ય જાતીનો સિમાંત/નાનો/મોટો, સ્ત્રી/પુરુષ/દિવ્યાંગ ખેડૂત તરીકીની સહાય મેળવવા પાત્રતા ધરાવતા હોઇ/ ધરાવતા ન હોઇ નિયમોનુસાર યોજનાકીય સહાય ____________ઘટક માટે પૂર્વ મંજૂરી આપવામાં આવે છે/અરજી નામંજુર કરવા હુકમ કરવામાં આવે છે. આગળની કાર્યવાહી સામેલ માર્ગદર્શિકા મુજબ કરવાની રહેશે.

સ્થળ:-

તા: / /

સક્ષમ અધિકારી

એટીવીટી અધિકારી/જિખેઅ

તાલુકો_________જિ. ______